આજનો સુવિચાર
તમારા ડર કરતા મોટા સપનાઓ જોવાથી સફળતા મળે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૫ જૂનાગઢ તા.૧૬-૦૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 55, Junagadh : Date : 16 February, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# કિસાનો પ્રેરિત 'ભારત બંધ' ની આંશિક અસર

## દિલ્હી, પંજાબ, હરીયાણામાં બંધની અસર : પંજાબમાં ટ્રેનો, બસો અટકાવાઈ : દિલ્હીમાં ઠેર ઠેર ટ્રાફીક જામની સ્થિતિ : દિલ્હી કુચ માટે ખેડૂતો મકકમ : સુરક્ષા વ્યવસ્થા વધારાય

નવી દિલ્હી તા. ૧૬

કેન્દ્ર સરકાર અને ખેડૂત નેતાઓ વચ્ચે ગઈકાલે મોડી રાત્રી સુધી ચાલેલી ત્રીજા રાઉન્ડની મંત્રણાઓ નિષ્ફળ રહી હતી. અને દિલ્હી કુચ માટે ખેડૂતો મકકમ રહયા હતાં અને જેને લઈને સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ દરમ્યાન ખેડૂતો પ્રેરિત ભારત બંધનાં એલાનનાં પગલે આજે સવારથી જ વિવિધ વિસ્તારોમાં તેની આંશિક અસર જોવા મળી રહી છે. આ દરમ્યાન ખેડૂતોની વિવિધ માંગણી સબબ આગામી રવિવારે ફરી એકવાર ચોથા રાઉન્ડની બેઠક યોજાશે તેમ જાણવા મળે છે.

ગુરૂવારે કેન્દ્ર સરકાર અને ખેડૂત નેતાઓ વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત પણ થઈ હતી. પંજાબ અને હરીયાણાની સરહદો દ્વારા દિલ્હી સુધી ખેડૂત વિરોધની તૈયારીઓ વચ્ચે ત્રણ કેન્દ્રીય પ્રધાનોએ ચંડીગઢમાં ખેડૂત નેતાઓ સાથે ત્રીજા રાઉન્ડની વાતચીત કરી હતી. આ બેઠકમાં પંજાબનાં મુખ્યમંત્રી ભગવંત માન પણ હાજર રહયા હતાં. આ બેઠક ગઈકાલે મોડી રાત્રે ૧.૩૦ કલાકે પુરી થઈ હતી. અને ખેડૂતોની તમામ માંગણીઓ ઉપર કોઈ સહમતી સર્જાઈ ન હતી. અને હવે ફરી એકવાર ચોથા રાઉન્ડની વાતચીત રવિવારે થશે. દરમ્યાન સંયુકત કિસાન મોર્ચાએ આજ તા. ૧૬ ફેબ્રુ.એ ભારત બંધનું એલાન કર્યુ હતું. અને તેમાં ટ્રક અને ટ્રેડ યુનિયન પણ જોડાયા છે. બંધનાં એલાનને ધ્યાનો રાખી દિલ્હીથી પંજાબ હરીયાણા અને યુપીમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સંયુકત કિસાન મોર્ચા દ્વારા આપવામાં આવેલા ભારત બંધનાં એલાનને પગલે આજે શુક્રવારે વહેલી સવારથી જ દક્ષિણ પશ્ચિમ પંજાબનાં જીલ્લાઓમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું. કારણ કે તમામ ખાનગી અને સરકારી બસો રસ્તાઓથી દૂર રહી હતી. પબ્લીક ટ્રાન્સપોર્ટ સીસ્ટમ લકવાગ્રસ્ત હોવાનાં કારણે પ્રદેશમાં વિવિધ સ્થળોએ મુસાફરો ફસાયેલા જોવા મળ્યા હતાં. ટ્રેન સેવાઓ ખોરવાઈ હતી. શહેરમાં શાળા-કોલેજો અને બજારો ખુલ્લી હતી પરંતુ બસ સેવા ઠપ્પ છે. ખેડૂતોએ વિવિધ સ્થળોએ મુખ્ય માર્ગો બ્લોક કરી દીધા છે. પંજાબ રોડવેઝનાં અધિકારીઓનાં જણાવ્યા અનુસાર મોટા ભાગે તમામ રૂટ ખેડૂતોએ બ્લોક કરી દેતા બસનાં તમામ રૂટ રદ કરવામાં આવ્યા છે. પંજાબ રોડવેજનાં જીએમ રણજીતસિંહ બગાએ જણાવ્યું હતું કે રાયકોટ, ચંદીગઢ, ફીરોઝપુર અને ભટીંડા સહીત વિવિધ રૂટ ઉપર ચાર બસો તૈનાત કરી છે. પરંતુ રસ્તા બંધ હોવાનાં કારણે બસો પાછી ફરી છે. ડાબેરી સંલગ્ન વેપારી અને વિવિધ ખેડૂત સંગઠનો દ્વારા આપવામાં આવેલી હડતાળને ધ્યાને રાખીને રાજયનાં સત્તાવાળાઓએ રોડ બ્લોકનાં સુચીત સ્થળોની આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એકઝામીનેશન અને પંજાબ સ્કુલ એજયુકેશન બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની ચાલી રહેલી અંતિમ પરીક્ષાઓને કારણે ખાનગી અને સરકારી શાળાઓ ખુલ્લી રહી હતી.

વિશેષમાં સરકારી કર્મચારીઓનાં યુનિયનને પણ બંધને સમર્થન આપ્યું છે. પાટનગર દિલ્હીમાં સવારે ઓફીસનો સમય શરૂ થતાની સાથે જ માર્ગો ઉપર ટ્રાફીક જામ જોવા મળ્યો હતો. ખેડૂત સંગઠનો દ્વારા બોલાવવામાં ભારત બંધને ધ્યાનમાં રાખીને જીલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. તેમાં અનધિકૃત જાહેર મેળાવડા પર પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે. આ તકે નોઈડા ઝોનનાં એસીસીપી મનીષ મીશ્રાનાં જણાવ્યા અનુસાર ભારત બંધ અને મજુર સંગઠનોનાં આંદોલનને લઈને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. અને સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

# દિલ્હીનાં અલીપુરમાં ફેકટરીમાં ભિષણ આગ ૧૧ શ્રમિકો જીવતા હોમાયા : ૪ ગંભીર

નવી દિલ્હી તા. ૧૬

રાજધાની દિલ્હીમાં ફરી એકવાર આગ લાગવાની ઘટના બની છે. શહેરના અલીપુરની એક પેઈન્ટ ફેક્ટરીમાં ભીષણ આગમાં ૧૧ શ્રમિકોના મોત થયા છે જ્યારે ચાર શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયાના અહેવાલ છે. ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મૃત્યુઆંક વધવાની સંભાવના છે.

આ ઘટનાની વધુ વિગતો મુજબ ઉત્તર દિલ્હીના અલીપુર વિસ્તારના દયાલ માર્કેટમાં એક પેઈન્ટ ફેક્ટરીમાં ગુરુવારે મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ફેક્ટરીમાંથી ઘણા શ્રમિકો બહાર આવી શક્યા ન હતા અને ૧૧ શ્રમિકો જીવતા હોમાયા હતા, જ્યારે ચાર શ્રમિકોની હાલત ગંભીર જણાવા મળી છે જેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે મૃત્યુઆંક વધી શકે છે. મૃતક શ્રમિકોની ઓળખ હજુ સુધી થઈ નથી. ફાયર વિભાગની ૨૨ ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. સ્થાનિક તંત્ર અને પોલીસની ટીમે પણ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નોંધનીય છે કે દિલ્હીનો આલીપુર વિસ્તાર ખુબ જ ભીડભાડવાળો છે. આ ગીચ વિસ્તારમાં આવેલી પેઈન્ટ ફેક્ટરી આગ ફાટી નીકળી હતી અને કેમિકલના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. જેના કારણે ફેક્ટરીમાં કામ કરતા શ્રમિકો દાઝી ગયા હતા. અગાઉ ત્રણ શ્રમિકોના મોતના સમાચાર હતા, પરંતુ મોડી રાત્રે બહાર પાડેલા અપડેટમાં સામે આવ્યું છે કે દાઝી જવાથી ૧૧ શ્રમિકોના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે આગના કારણે આ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# રાજસ્થાનમાં ગોજારો અકસ્માત : એક જ પરીવારનાં પાંચ લોકોને કાળ ભરખી ગયો

બિકાનેર તા. ૧૬

રાજસ્થાનના બિકાનેર નજીક ભયાનક માર્ગ અકસ્માતમાં ગુજરાતી પરિવારના પાંચેય સભ્યોના મોત નિપજયાના અહેવાલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રક અને ટાવેરા કાર વચ્ચે જોરદાર ટક્કર થતાં ભયાનક અકસ્માતની ઘટના બની છે. હાલ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી રહી છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ રાજસ્થાનમાં ભારતમાલા એક્સપ્રેસ વે પર એક કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માતમાં ગુજરાતી પરિવારના પાંચ લોકોના મોત થયા છે. અકસ્માતની ઘટના એટલી ભીષણ હતી કે કારનો બુકડો બોલી ગયો હતો. મૃતકોમાં બે મહિલા, બે પુરૂષ અને એક પુત્રી હોવાનું જાણવા મળે છે. હાલ પોલીસે અકસ્માતની તપાસ હાથ ધરી છે.

ગઈકાલે ગુજરાતમાં બે અકસ્માતની ઘટના બની હતી, જેમાં બહુચારાજીના અંબાલા ગામમાંથી ઠાકોર પરિવારનો સંઘ પગપાળા વરાણા ખાતે ખોડિયાર માતાજીના દર્શનાર્થે જઈ રહ્યો હતો ત્યારે મોડી રાત્રે હારીજ-ચાણસ્મા હાઈવે પર દાંતરવાડે ગામ નજીક અજાણ્યા વાહને સંઘને અડફેટે લેતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. બીજી ઘટનામાં પાટણના ચાણસ્માના ઘરમોડા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમા બાઈક ચાલક અને કારમાં સવાર બે વ્યક્તિ સહિત ત્રણ લોકોના મોત નીપજ્યા હતા.

# રાજયભરમાં આજથી બે દિવસ આંગણવાડી કર્મચારીઓનું આંદોલન

અમદાવાદ તા. ૧૬

આંગણવાડી કર્મચારીઓ હેલ્પરો, આશાવર્કરનાં પગારોમાં ૨૦૧૮થી કોઈ વધારો નહી થતાં અને માત્ર ૪ થી સાડા પાંચ હજાર પગાર અપાતો હોય લઘુતમ વેતન પણ મળતું ન હોય ત્યારે આ પગાર વધારાની માંગણી સાથે આજથી બે દિવસ રાજયભરની ૧ લાખથી વધારે મહિલા કર્મચારીઓએ આંદોલન શરૂ કર્યુ છે. અને બે દિવસ કામ નહી કરે તેમજ આગામી તા. ૧૯ થી ૨૩ દરમ્યાન ધારાસભ્ય, સાંસદોને રજુઆત કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# મણિપુરમાં ૪૦૦થી વધુ લોકોના ટોળાનો હિંસક હુમલો

મણીપુર તા. ૧૬

મણિપુરમાં ફરી એકવાર હિંસા વધવા લાગી છે. ૪૦૦થી વધુ લોકોના શસ્ત્રધારી ટોળાએ ચુરાચંદપુરના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ તથા ડીસીના કાર્યાલયને ઘેરી લેતાં જોરદાર તોડફોડ મચાવી હતી. દરમિયાન ટોળામાં સામેલ હિંસક લોકોએ સરકારી વાહનોને આગ ચાંપી દીધી હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



:: જોઈએ છે ::
સૌરાષ્ટ્રનાં નામચીન ટ્રાન્સપોર્ટમાં માણસોની જરૂર છે
કોન્ટેકટ નં. ૯૯૯૮૪ ૮૨૭૩૭

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

હાર્દિક શુભેચ્છા...
ડો. એમ.ડી. વ્યાસ
(એમ.ડી. (પેડ)



બાળ આરોગ્ય નિષ્ણાંત
ભૂતપૂર્વ બાળરોગ નિષ્ણાંત ● સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ - લીંબડી ● ઈરવીન હોસ્પીટલ જામનગર
આદિત્ય બાળકોની હોસ્પીટલ
જે.બી. કોમ્પ્લેક્ષ, બીજા માળે, એસ.ટી. બસ સ્ટેશન સામે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૬ ૩૩૦૪૩

હાર્દિક શુભેચ્છા...
રાજુભાઈ મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬
વિવેક મો. ૯૮૨૪૬ ૭૪૬૬૬
ક્રિષ્ના
સિમેન્ટ પ્રોડક્ટ & સેનેટરી વેર્સ



ધોરાજી રોડ, જકાત નાકા પાસે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૬૧૯૯૯

ENGINE CARBON CLEANING
98256 48301
VARDHMAN MOTORS
CARBON CLEAN
More Power
More Milage
Double Engine Life
એન્જીન કાર્બન કલીનીંગ નાં ફાયદા
○ એન્જીનની લાઈફ વધે-ગાડીનું પીક-અપ વધે.
○ એન્જીન ઓઈલની લાઈફ વધે. ગાડીની માઈલેજ વધે-પાવર અને પરફોર્મન્સ વધે.
○ એન્જીનનો અવાજ અને વાઈબ્રેશન ઘટે.
○ ગાડીમાંથી નીકળતા હાઈડ્રોકાર્બન, કાર્બન મોનોકસાઈડ અને નોકસનું પ્રમાણ ઘટે.
○ ગાડીની વોરંટીને કોઈ અસર થતી નથી.
○ ગાડીની મેઈન્ટેનન્સ કોસ્ટ ઘટે.
○ ઈકોફ્રેન્ડલી કેમીકલ ફ્રી સર્વિસ.
પંચેશ્વર રોડ, આયુર્વેદીક હોસ્પીટલ સામે, જુનાગઢ.
VARDHMAN MOTORS
સૌ-પ્રથમ આવીગયુ છે. જર્મન ટેકનોલોજીનું કાર્બન કલીનીગ મશીન....
☞ ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે
☞ ૧૦૦ સીસી થી લઈને ૧૦,૦૦૦ સીસી, સુધીની ગાડી માટે.
☞ શું તમારી ગાડી પણ દબાય છે???
☞ શું તમારી ગાડી પુરતી એવરેજ નથી આપતી ???
☞ માત્ર ૧૫ થી ૩૫ મીનીટમાં કરાવો તમારા વ્હીકલને કલીન.
તો આજેજ કરાવો તમારા કારની કાર્બન કલીનીગ
...વધુ માહિતી માટે સંપર્ક કરો...
98256 48301




C M Y K

# નાબાર્ડે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત માટે મહત્વાકાંક્ષી રૂા. ૩.૫૩ લાખ કરોડની ધિરાણ ક્ષમતાનું અનાવરણ કર્યું

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૬

ગુજરાતના મુખ્ય સચિવ, શ્રી રાજ કુમાર, આઈએએસે ગઈકાલે નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, સચીવાલય, ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, નાબાર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા અત્યંત અપેક્ષિત સ્ટેટ ફોકસ પેપર ૨૦૨૪-૨૫ નું અનાવરણ કર્યું હતું. નાબાર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ વાર્ષિક દસ્તાવેજમાં ગુજરાત જેવા એક વાઈબ્રન્ટ રાજ્ય માં અગ્રતા ક્ષેત્રો માટે રૂા.૩.૫૩ લાખ કરોડની પ્રભાવશાળી ધિરાણ ક્ષમતા દર્શાવવામાં આવી છે.

આ પ્રસંગે એ. કે. રાકેશ, અધિક મુખ્ય સચિવ, (ACS), ગુજરાત, વરિષ્ઠ બેંક અધિકારીઓ, બિન-સરકારી સંગઠનો અને અન્ય હિતધારકો ઉપસ્થિત રહ્યા હતાં. રાજ્યના વિવિધ વિભાગો, બેંકો અને હિસ્સેદારો સાથેના સહિયારા પ્રયાસથી તૈયાર થયેલ સ્ટેટ ફોકસ પેપર સમારોહ નું મુખ્ય આકર્ષણ રહેતા વાતાવરણ ખુબજ ઉત્સાહ પૂર્ણ હતું.

નાબાર્ડના ઝીણવટભર્યા વિશ્લેષણમાં કૃષિ અને આનુષંગિક ક્ષેત્રો માટે રૂા.૧.૪૨ લાખ કરોડ (૪૦ ટકા), એમએસએમઈ ક્ષેત્ર માટે રૂા.૧.૮૦ લાખ કરોડ (૫૧ ટકા) અને બાકીના ૯ ટકાના ધિરાણની સંભવિતતા અન્ય અગ્રતા ક્ષેત્રો માટે દર્શાવવામાં આવી હતી. આ દૂરંદેશી ધરાવતો દસ્તાવેજ માત્ર વર્તમાન ધિરાણ-શોષણ ક્ષમતાની રૂપરેખા જ નથી આપતો, પરંતુ વ્યૂહાત્મક ભાગીદારી અને નીતિગત હસ્તક્ષેપો દ્વારા તેને વધારવા માટેની વ્યૂહરચનાઓ પણ સૂચવે છે.

રાજ કુમાર, મુખ્ય સચિવ, ગુજરાત સરકારે તેમના મુખ્ય વક્તવ્યમાં, ગુજરાત માટે સ્ટેટ ફોકસ પેપર ૨૦૨૪-૨૫ ના અનાવરણ પર, નાબાર્ડની અન્ય નોંધપાત્ર ગ્રામીણ વિકાસ પહેલ જેમ કે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (PACS) ના કોમ્પ્યુટરાઈઝેશનની સાથે નાબાર્ડની પ્રશંસા કરી હતી. તેમના સંબોધનમાં, શ્રી રાજ કુમારે, બેંકરોને ખેડૂતોને નાના વેપારી સાહસો તરીકે જોવા અને રાજ્યના ખેડૂતોને તેમની સાહસિક કૌશલ્યમાં વધુ વિશ્વાસ મૂકીને ધિરાણ વધારવા પર ભાર મૂક્યો હતો. ગ્રામીણ ભારતની વિશ્વ બેંકના ભારતીયકૃત સંસ્કરણ તરીકે નાબાર્ડની પ્રશંસા કરતા, મુખ્ય સચિવે નાબાર્ડને રાષ્ટ્ર માટે 'નોલેજ બેંક' તરીકે વિકસાવવા વિનંતી કરી. તેમણે આ પ્રયાસમાં નાબાર્ડને રાજ્ય સરકારના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. રાજ કુમારે ખેડૂતોના ક્ષમતા નિર્માણ માટે સરકારની યોજનાઓ સાથે નાબાર્ડના વિકાસલક્ષી યોજનાઓ વચ્ચે વધુ સંકલન કરવા માટે પણ આહ્વાન કર્યું હતું જેથી ખેડૂતો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ તેમના બજારનો વ્યાપ વધારી શકે.

એ.કે. રાકેશ, અધિક મુખ્ય સચિવે નાબાર્ડના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગુજરાત માટે ?૩.૫૩ લાખ કરોડની અગ્રતા ક્ષેત્રની ધિરાણ સંભવિતતાના અંદાજને ધ્યાનમાં રાખીને, બેંકરોને આ અંદાજિત ધિરાણ સંભવિતતા હાંસલ કરવા માટે પ્રયત્ન કરવા અપીલ કરી હતી. તેમણે નાબાર્ડ ગુજરાત પ્રાદેશિક કાર્યાલય દ્વારા રાજ્ય સરકાર સાથે મળીને કરેલ ગ્રામીણ સમૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવામાં અગ્રણી ભૂમિકા ભજવવાની પ્રશંસા કરી હતી. શ્રી એ.કે. રાકેશે બેંકર્સને ધિરાણ સહાય માટે કૃષિ-ઈનોવેશનને અનુકૂળ વિચારણા કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે રાજ્યમાં ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિન્યુએબલ એનર્જી વગેરેને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર સાથે નાબાર્ડના ઈજ. ૨૬,૦૦૦ કરોડ નાં રૈની પણ પ્રશંસા કરી હતી.

બી.કે. સિંઘલ, મુખ્ય મહાપ્રબંધક, નાબાર્ડ ગુજરાત ક્ષેત્રિય કાર્યાલયે તેમના સંબોધનમાં સર્વસમાવેશક વિકાસને 'સબકા સાથ, સબકા વિકાસ'ને સહિયારા ધ્યેયના પાયાના સિદ્ધાંત તરીકે વર્ણવ્યું હતું. વધુમાં તેમણે રાજ્ય સરકાર અને અન્ય હિતધારકો સાથે નાબાર્ડની સતત જોડાણ ની પ્રશંસા કરી. ઉદાહરણ તરીકે ડિસેમ્બર ૨૦૨૩ માં આયોજિત તેનામાં પ્રથમ પ્રકારની પ્રગતિશીલ ખેડૂત સિમ્પોઝિયમ ને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલની પ્રસ્તાવના તરીકે ઓળખાણ આપી. આ સિમ્પોઝિયમ કૃષિ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ગ્રાસરૂટ ઈનોવેશન ઓગમેન્ટેશન નેટવર્ક (GIAN) ના સહયોગથી રાજ્યના નવીન ખેડૂતો અને કૃષિ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે યોજાઈ હતી.

નાબાર્ડની નોંધપાત્ર પહેલોમાં, બી.કે. સિંઘલે PACS અને દૂધ મંડળીઓમાં માઈક્રો-એટીએમના પ્રમોશન પર નાબાર્ડના પાયલોટ પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી, જે બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા ગુજરાત રાજ્ય સહકારી બેંકના સહયોગથી અમલમાં આવી રહી છે. આ યોજના "સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર "નું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજનાના ભાગ રૂપે ચંદ્રનગર PACS ખાતે અનાજ સંગ્રહના માળખાકીય વિકાસની પ્રશંસનીય પ્રગતિ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ડિજિટલ મંડીનો પ્રચાર વગેરે જેવી અન્ય મહત્વપૂર્ણ કાર્યો વિષે માહિતી આપી હતી.

અંતમાં બી.કે. સિંઘલે બેક્કરોને રાજ્યની અંદર કૃષિ ધિરાણની અસમાનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને તેને દૂર કરવા માટે અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત પ્રદેશમાં નાબાર્ડ, ગુજરાત સરકાર અને બેક્કર્સ વચ્ચે વધુ સંકલન માટે આહવાન કર્યું હતું.

નાબાર્ડ ગુજરાત ક્ષેત્રિય કાર્યાલય ના જનરલ મેનેજર શ્રીમતી નિધિ શર્માએ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતની બેંકિંગ પ્રોફાઈલ અને રાજ્ય માટે અનુમાનિત અગ્રતા ક્ષેત્રની ધિરાણ સંભવિતતાની વ્યાપક ઝાંખી પૂરી પાડી હતી. તેણીએ ગુજરાતમાં નાબાર્ડના પ્રભાવશાળી હસ્તક્ષેપો, જેમ કે ૪૮,૦૦૦ થી વધુ આદિવાસી પરિવારોને સમર્થન આપતા બગીચાના વિકાસ, ૪૪,૦૦૦ જેટલા ગ્રામીણ પરિવારોને આવરી લેતા વોટરશેડ વિકાસ, ૩૦૦ FPO ની રચના અને પ્રમોશન ઉપરાંત, નાબાર્ડની પહેલો, ગ્રામીણ માળખાકીય સુવિધાઓ, નાણાકીય માળખાને પ્રોત્સાહન આપવા માટે નાબાર્ડની પહેલની જાણકારી આપી. રાજ્યમાં ટકાઉ ગ્રામીણ વિકાસ અને ધિરાણ વિતરણને પ્રોત્સાહન આપવા માટે ભૌગોલિક સંકેતો, કૌશલ્ય પ્રશિક્ષણ અને સહકારી ક્ષેત્રની સહાય ની માહિતી આપી.

# ગ્રામીણ વિસ્તારોમાં શહેરો જેવી જ ઉત્તમ માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને ગ્રામ્ય જીવનને ઉન્નત બનાવવું એ જ અમારી સરકારનો સંકલ્પ : ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૬

વિધાનસભા ગૃહ ખાતે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં સહભાગી થતા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં શહેરો જેવી જ ઉત્તમ માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને ગ્રામ્ય જીવનને ઉન્નત બનાવવા માટે અમારી સરકાર એક સંકલ્પ સાથે સતત પ્રયત્નશીલ છે.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગ્રામ વિકાસની જે સંકલ્પના કરી હતી, તે સંકલ્પનાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા સાથે ચરિતાર્થ કરી રહી છે. પરિણામે આજે ગુજરાતના વિકાસ કાર્યોની સુવાસ સમગ્ર દેશમાં પ્રસરી રહી છે.

મંત્રી હળપતિએ કહ્યું કે, રાજ્ય સરકારે ગામડામાં વસતા નાગરિકોને રહેવા માટે પાકા ઘર, સ્વચ્છતા, વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, પ્રાથમિક આરોગ્ય લક્ષી સુવિધા અને યુવાનોને કૌશલ્ય વર્ધક તાલીમ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડીને ગામડાઓને આત્મનિર્ભર બનાવવા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓના સુદ્રઢ અમલીકરણ માટે આ વર્ષના બજેટમાં માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઘર વિહોણા પરિવારોને પોતાનું પાકુ ઘરનું ઘર પ્રદાન કરવામાં સહાયરૂપ થવા પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અમલમાં છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૨-૨૩ સુધીમાં ૬ લાખથી વધુ આવાસોની મંજૂરી આપવામાં આવી છે અને આશરે ૫ લાખથી વધુ આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે. આ ઉપરાંત મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૩૫ હજારથી વધુ લાભાર્થીઓને લાભાર્થી દીઠ રૂપિયા ૨૦ હજાર એમ કુલ ૭૨ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનની પ્રેરણાથી શરુ થયેલા પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન અંતર્ગત જંગલોમાં વસતા આદિમજૂથોને આવાસની સુવિધા પૂરી પાડવા વર્ષ ૨૦૨૪-૨૫ માટે બજેટમાં રૂ. ૧૬૪ કરોડની જોગવાઈ કરાઈ છે.

તેમણે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંગે વાત કરતા કહ્યું કે, ગત બે વર્ષમાં રાજ્ય સરકારે શૌચાલય વિહોણા ૬૮, ૪૬૩ કુટુંબોને પાકા શૌચાલયની સુવિધાથી આવરી લેવાયા છે. સાથે સાથે પ્રવાહી કચરાના નિકાલ અને તેના વ્યવસ્થાપન માટે ૪.૯૪ લાખ વ્યક્તિગત સોકપીટ અને ૬૪ હજાર સામુહિક સોકપીટનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ઘન કચરાના નિકાલ માટે ૧૫ હજારથી વધુ ગામોમાં કચરાનું ડોર-ટુ-ડોર કલેકશન પણ કરવામાં આવી રહ્યુ છે.

આ ઉપરાંત ગોબરગેસને પ્રોત્સાહન આપવા રાજ્યમાં ગોબરધન યોજના અંતર્ગત ૩૮ ક્લસ્ટર બેઈઝ બાયોગેસ પ્લાન્ટ માટેના આયોજન સાથે ૭,૨૭૬ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં કલસ્ટર દીઠ ગોબરધન પ્રોજેકટ માટે આ વર્ષે અંદાજપત્રમાં રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરાઈ છે.

મંત્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ૨૩,૪૩૨ સ્વ-સહાય જુથોની રચના કરી ૩.૫૦ લાખથી વધુ પરિવારોને જોડવામાં આવ્યા છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા ૧૯ હજારથી વધુ યુવક/યુવતીઓને કૌશલ્ય વર્ધન દ્વારા સ્વ-રોજગાર માટે પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે. આગામી ૫ વર્ષમાં ગુજરાતના ૧૦ લાખ ગ્રામીણ મહિલાઓના સ્વ-સહાય જૂથને સામાજિક સાહસોના માધ્યમથી આજીવિકા સાથે જોડાણ કરવા માટે રૂ.૧૦ કરોડ સોશિયલ એન્ટરપ્રાઈઝ ફંડ આપવાની જોગવાઈ કરાઈ છે.

મંત્રીએ કહ્યું કે, મનરેગા યોજના હેઠળ પારદર્શિતા લાવવા રાજ્ય સરકાર દ્વારા તમામ જોબ કાર્ડ ડિજીટલ કરવામાં આવ્યા છે અને શ્રમિકોના બેંક ખાતાઓને આધાર સાથે જોડવામાં આવ્યા છે. આશરે ૨૭.૬૬ લાખ કાર્યરત શ્રમિકો પૈકીના ૯૫ ટકા શ્રમિકોના બેંક ખાતામાં આધાર બેઝડ પેમેન્ટ સીસ્ટમ માટે સક્ષમ બન્યા છે.

આ ઉપરાંત એરિયા ઓફિસર એપ્લીકેશન, નેશનલ મોબાઈલ મોનિટરિંગ સિસ્ટમ, સ્વતંત્ર સામાજિક ઓડિટ યુનિટ જેવા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે. સાથે જ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૯,૩૨૬ ગ્રામ પંચાયતોનું સામાજિક ઓડિટ પૂર્ણ કરવામાં આવ્યું છે.

મંત્રીએ અમૃત સરોવરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાનએ કરેલા આહવાનને ઝીલી લઈ રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં ૨,૬૪૯ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાથે જ મંત્રીએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના – વોટરશેડ ડેવલપમેન્ટ ક્મ્પોનન્ટ ૨.૦ની વાત કરતા કહ્યું કે, વર્ષ ૨૦૨૩-૨૪માં જમીન અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ-જળરિચાર્જના કુલ ૧૦,૨૩૩ કામો તેમજ આજીવિકા વૃધ્ધિને લગત ૨૯,૯૬૮ કામો પૂર્ણ થયા છે. વોટરશેડ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ રૂ. ૨૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# જાણીતા આર્કિટેક્ટ અને ડિઝાઇનર રસેલ ગુજરાલ અંસલ દ્વારા આર્ય સમાજ કેન્દ્ર ટંકારાની ડિઝાઇન કરાઇ



(પ્રતિનિધી દ્વારા)

ટંકારા તા.૧૬

પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ અને ડિઝાઈનર રસેલ ગુજરાલ અંસલે આર્ય સમાજ કેન્દ્રની ડિઝાઈન તૈયાર કરાઈ છે. જે ડેમી નદીના કિનારે ૧૫ એકર જમીન પર સ્થાપિત સ્મારક પ્રોજેક્ટ છે. આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦ મી જન્મજયંતિ નિમિત્તે ત્રણ દિવસીય ઉજવણીના ભાગરૂપે આ અનાવરણ થયું. છેલ્લાં બે વર્ષોમાં રસેલ ગુજરાલ અંસલ અને તેની આર્કિટેક્ચરલ ફર્મે આ કેન્દ્ર માટે ખૂબ જ ઝીણવટપૂર્વક ડિઝાઈન તૈયાર કરી છે જેમાં ત્રણ મુખ્ય માળખાં છે જેમાં સ્વામી દયાનંદના મૂલ્યોથી પ્રેરિત કેન્દ્રીય સંગ્રહાલય, હોલ ઓફ ફેમ, સંશોધન અને શિક્ષણ કેન્દ્ર., કન્યાઓ માટેની માધ્યમિક શાળા, આયુર્વેદ આધારિત હીલિંગ, રિટેલ અને હોસ્પિટાલિટી બ્લોક.

ટંકારામાં આર્ય સમાજ કેન્દ્ર વિશ્વભરના આર્ય સમાજ માટે પ્રાથમિક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બનવાનું લક્ષ્ય ધરાવે છે. જે મંડળો, શિક્ષણ અને સંશોધન માટે કેન્દ્રિય સ્થાન પ્રદાન કરે છે. ડિઝાઈનમાં આધુનિક સુવિધાઓ, એક અત્યાધુનિક લાઈબ્રેરી, એક ઓડિટોરિયમ અને એક મ્યુઝિયમ હોલનો સમાવેશ કરવામાં આવ્યો છે જે આર્ય સમાજના મૂળ મૂલ્યોમાં ઊંડે ઊંડે જડેલા છે.

રસેલ ગુજરાલ અંસલએ આર્ય સમાજ સાથે તેમનો ઊંડો સંબંધ વ્યકત કરી તેમના પરિવારના ચળવળ સાથે સંકળાયેલા ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. જેમાં સ્વતંત્રતા સેનાની અને તેમના વિસ્તારમાં આર્ય સમાજના પ્રમુખ તરીકે તેમના દાદાની ભૂમિકાનો સમાવેશ થાય છે. તેણીએ પ્રોજેકટની આસપાસ ટકાઉ ઈકોસિસ્ટમ બનાવવા, સ્થાનિક રોજગાર પ્રદાન કરવા અને પરંપરાગત હસ્તકલાને ટેકો આપવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ડિઝાઈનમાં સાંકેતિક તત્વોનો સમાવેશ થાય છે જેમ કે આર્ય સમાજમાં અગ્નિની પવિત્રતાને રજૂ કરતી શાશ્વત જ્યોત અને એક અનન્ય ખ્યાલ છે. અહિં આંતરિક જગ્યામાં માર્બલ મોડ્યુલ પર પ્રોજેક્ટમાં યોગદાન આપનાર એવા પરિવારોના નામ આપ્યા છે જે સંબંધની ભાવનાને ઉત્તેજન આપે છે અને સ્થાયી ચિહ્ન છોડે છે.

આર્ય સમાજ કેન્દ્ર આધ્યાત્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પાસાઓને સંયોજિત કરીને વૈશ્વિક મંડળ બિંદુ બનવા માટે તૈયાર છે. રસેલ ગુજરાલ અંસલે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને ડીએવીના પ્રમુખ તેમજ આર્ય પ્રદેશ પ્રતિનિધિ સભાના વડા ડૉ. પુનમ સૂરી ને આર્ય સમાજ કેન્દ્રના મોડલની ડિઝાઈન અંગે વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી અને બિલ્ડિંગના પાયાની તકતીને આશીર્વાદ આપ્યા હતા. સમારોહ દરમિયાન એસેમ્બલી હોલમાં રાજ્યપાલે રસેલ ગુજરાલ અંસલનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ ઘટનાએ ગુજરાલ અંસલ અને આર્ય સમાજ સમુદાય દ્વારા નિર્ધારિત વિઝનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

# રશિયા કેન્સરની રસી શોધવાની કામગીરીમાં મહત્વના તબક્કે પહોંચ્યું

મોસ્કો, તા.૧૬

પહેલાના જમાનામાં કહેવાતું હતું કે, કેન્સર એટલે કેન્સલ. પરંતુ જેમ-જેમ આ બીમારીની દવા શોધાતી ગઈ તેમ-તેમ દર્દીઓના જીવ બચવાની સંભાવના વધવા લાગી છે. કેટલાય એવા દર્દીઓ છે જેમને યોગ્ય સારવાર મળી જતાં કેન્સર મુક્ત થઈને શાંતિથી જિંદગી જીવી રહ્યા છે. જોકે, અમુક દુર્લભ કેન્સર એવા પણ છે જેની ચોક્કસ દવા હજી સુધી નથી શોધી શકાઈ. દરમિયાન, રશિયાએ જાહેરાત કરી છે કે, તેઓ કેન્સરની રસી બનાવી રહ્યા છે. રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિનનું કહેવું છે કે, તેમના દેશના વૈજ્ઞાનિકો કેન્સરની રસી બનાવવાના મહત્વૂર્ણ સ્ટેજ સુધી પહોંચી ગયા છે અને થોડા જ સમયમાં રસી તૈયાર થઈ શકે છે. રસી બન્યા બાદ દર્દીઓને તે આપવામાં આવશે. જોકે, પુતિને એ ખુલાસો નથી કર્યો કે, પ્રસ્તાવિત રસી ક્યારથી ઉપલબ્ધ થશે અને તેનાથી કયા પ્રકારના કેન્સરને રોકી શકાશે. રસી કઈ રીતે દર્દીઓ સુધી પહોંચાડવામાં આવશે તેનું પણ કોઈ સ્પષ્ટીકરણ નથી આપ્યું. પુતિને એક નિવેદનમાં કહ્યું કે, "અમે કેન્સરની રસી અને નવી પેઢીના ઈમ્યૂનોમોડ્યુલેટરી દવાઓના નિર્માણની ખૂબ નજીક પહોંચી ગયા છીએ. મને આશા છે કે જલ્દી જ તેનો ઉપયોગ વ્યક્તિગત ચિકિત્સાના પ્રકારોમાં પ્રભાવી રૂપથી શરૂ થશે."છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ સરકારો અને કંપનીઓ કેન્સરની રસી વિકસાવવાનું કામ કરી રહી છે. ગત વર્ષે યુકે સરકારે ૨૦૩૦ સુધીમાં ૧૦ હજાર દર્દીઓ સુધી પહોંચવા કેન્સરની સારવારના મેડિકલ ટ્રાયલ માટે જર્મની સ્થિત બાયોએનટેક સાથે કરારની જાહેરાત કરી હતી. ફાર્માસ્યુટિકલ કંપનીઓ મડોર્ના અને મર્ક એન્ડ કંપની પણ એક પ્રાયોગિક કેન્સર વેક્સીન બનાવી રહી છે, જેમાં સ્ટડી દ્વારા ખબર પડી છે કે, ત્રણ વર્ષની સારવાર બાદ ત્વચાના કેન્સર મેલેનોમાથી મૃત્યુ કે તેનો ફરી ઉથલો મારવાની સંભાવના અડધી થઈ જાય છે. WHO અનુસાર, હાલ હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) સામે લડવા માટે છ લાયસન્સ પ્રાપ્ત રસીઓ છે. આ વાયરસ સર્વિકલ કેન્સર સહિત કેટલાય કેન્સરનું કારણ બને છે. સાથે જ લિવર કેન્સરનું કારણ બનતા હેપેટાઈટિસ બી (HBV) સામેની પણ રસી છે.

## હવામાનમાં ભારે પલટો!

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદ અને બરફવર્ષાની આગાહી કરાઈ

**દેશના ઉત્તર ભાગોમાં અસર જેવા મળશે જેના લીધે પહાડો પર ભારે હિમવર્ષા-મેદાની વિસ્તારમાં ઠંડો પવન ફૂંકાવવાની શક્યતા**

નવી દિલ્હી, તા.૧૬

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ફરીથી એકવાર હિમવર્ષા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ દેશના ઉત્તર ભાગોમાં અસર જેવા મળશે જેના લીધે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં ઠંડો પવન ફૂંકાવવાની શક્યતા છે. પ્રાઈવેટ હવામાન એજન્સી સ્કાયમેટનાજ ણાવ્યાં મુજબ એક પછી એક એમ બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧૭ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી વચ્ચે પહાડો પર પહોંચે તેવી શક્યતા છે. જેનાથી હિમવર્ષાની સાથે સાથે વરસાદ પણ પડી શકે છે.

હવામાન ખાતાની આગાહી મુજબ શુક્રવારથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જવા મળશે. જેના લીધે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, જમ્મુ અને કાશ્મીર તથા યુપી સહિત દિલ્હી એનસીઆરના વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે પહાડી વિસ્તારોમાં બરફવર્ષાની શક્યતા છે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. હવામાન ખાતાએ બદલાતા હવામાનની સંભાવનાઓ ધ્યાનમાં લઈ સમગ્ર ઉત્તર ભારતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આગાહી મુજબ ઉ.ભારતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે, અમુક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ અને કરા પડી શકે છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટી શકે છે.

હવામાન ખાતાના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું છે કે શુક્રવાર સાંજથી ઉત્તર પશ્ચિમી હિમાલયન રિઝનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતા વધી શકે છે.તેની અસર માત્ર ઉ.ભારત સુધી સીમિત નહી રહે. આગામી ત્રણથી ચાર દિવસમાં ઉત્તારના પહાડી વિસ્તારોથી આવતા ઠંડા પવન ફરીથી એકવાર દેશના અનેક ભાગોમાં ઠંડીનો ચમકારો દેખાડી શકે છે., મેદાી વિસ્તારોમાં કેટલાક વિસ્તારોમાં ગાજવિજથી વરસાદ, કરા પડી શકે છે.

હવામાનની આગાહી કરતી પ્રાઈવેટ એજન્સી સ્કાયમેટના જણાવ્યાં મુજબ એક પછી એક બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧૭ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી વચ્ચે પહાડો પર પહોંચશે અને તેના પ્રભાવથી અહીં ભારેથી અતિ ભારે બરફવર્ષા સાથે વરસાદ પડશે. ૧૯થી ૨૧ ફેબ્રુઆરી વચ્ચે પંજાબ હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં વરસાદ પડી શકે છે. રાજસ્થાન અને દિલ્હીમાં ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ વરસાદની ગતિવિધિઓ જોવા મળશે. ૨૧ ફેબ્રુઆરીના રોજ બિહાર અને પશ્ચિમ બંગાળના ઉત્તારી જિલ્લાઓમાં પણ વરસાદની શક્યતા છે. મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત દક્ષિણ ભારતનું હવામાન સૂકું રહેશે. ગુજરાત વિશે જણાવતા કહ્યું કે ગુજરાતમાં હવામાન સૂકું રહેશે. ગુજરાતમાં હવે વેધર એક્ટિવિટી જોઈએ તો ઉપરની બાજુ એટલે કે રાજસ્તાન વગેરે તરફ રહેશે. કચ્છનું રણ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, પાટણ સહિત મોટાભાગના વિસ્તારો સૂકા રહેશે. તાપમાન ધીરે ધીરે વધશે. દિવસે ગરમી વધશે જ્યારે સવારે અને સાંજે વાતાવરણ હજુ પણ આહ્લાદક જોવા મળશે.

# રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયનો ૧૬મો પદવીદાન સમારોહ યોજાયો

## ૨૩ ગોલ્ડમેડલ અને ૪ સિલ્વરમેડલ મળી કુલ ૨૭ પદકો અને ૭૯૭ પદવી પ્રમાણપત્રો અપાયા



ગીર સોમનાથ, તા ૧૬

રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયનો ૧૬મો પદવીદાન સમારોહ આજે વેરાવળ ખાતે યોજાયો હતો. રાજ્યપાલે દીક્ષાંત સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સંસ્કૃત એ વેદોની ભાષા છે, દેવોની ભાષા છે. સંસ્કૃતમાં અભ્યાસ કરવો તે કોઈ હીનતા કે દીનતાની વાત નથી, પરંતુ ગૌરવની વાત છે. સંસ્કૃત એ તમામ ભાષાઓની જનની છે. આજે કમ્પ્યુટર પણ સંસ્કૃત ભાષા સૌથી સારી રીતે સમજે છે.

રાજ્યપાલે વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, સંસ્કૃત એ દરેક પ્રકારની સજ્જ ભાષા છે. એ રીતે તે ખજાનાથી પરિપૂર્ણ ભાષા છે. જે લોકો સંસ્કૃત નથી જાણતા તે અભાગી છે. ગાંધીજીની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગાંધીજી કહેતા હતાં કે, હું સંસ્કૃત નથી જાણતો તેનો રંજ છે. જે સંસ્કૃતની મહત્તા દર્શાવે છે.

રાજ્યપાલે યુનિવર્સિટીમાંથી મેળવેલા જ્ઞાનનો ઉપયોગ જ્યાં જળની જરૂર છે, ત્યાં જળસંરક્ષણ, જ્યાં વૃક્ષોની જરૂર છે, ત્યાં વૃક્ષારોપણ, જ્યાં દીન-દુખી લોકો છે, તેવા લોકોની સેવા, જ્યાં જમીન બંજર છે, ત્યાં પ્રાકૃતિક કૃષિ જેવા પ્રયત્નો દ્વારા સમાજસેવાના કાર્યો કરવા હાકલ કરી હતી.

ધરતી ઉપર આવ્યા છીએ તો એક ઈતિહાસ બનાવીએ, પરિશ્રમી અને તપસ્વી બનીએ. તેમજ રાષ્ટ્ર પ્રત્યેનો સમર્પણ ભાવ કેળવીએ તેવી અપેક્ષા રાજ્યપાલે વ્યક્ત કરી "જિંદગી જિંદાદિલી કા નામ હૈ, મૂર્દા દિલ ક્યા ખાક જીયા કરતે હૈ" તેમ કહી મેળવેલા જ્ઞાનને ઉત્સાહ, ઉમંગથી અન્ય લોકો સાથે વહેંચવા અને પોતાના વ્યક્તિત્વમાં રહેલા અનેક પાસાઓને ઉજાગર કરવાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

આપણા વેદ; ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ સહિતના પરંપરાગત શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં છે. તેના પર તમામને ગર્વ થવો જોઈએ. આ એક ઋષિ-મનીષીઓની ભાષા છે. સંસ્કૃતના જ્ઞાતા તરીકે એ ભાષા આવડવાનો તમને ગર્વ હોવો જોઈએ. આપણી ગુરુકુળ પરંપરામાં પણ આ જ ભાષાનું અધ્યાપન અને અધ્યયન કરાવવામાં આવતું હતું.

આજે પદવી મેળવીને જનારા વિદ્યાર્થીઓમાં જે ઉદ્દેશ્ય માટે તેઓ વિદ્યા મેળવવા માટે આવ્યા હતાં, તે મેળવ્યાની સાર્થકતા જોઈએ. પદવી મેળવ્યા બાદ સમાજ અને દેશની અપેક્ષાઓમાં ખરા ઉતરવાનું તેમના પર દાયિત્વ છે. આ સિવાય આચાર્ય દેવો ભવઃ, માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ ની પરંપરાને આગળ નિર્વહન કરવાની જવાબદારી પણ તમારા ઉપર છે.

અહીંથી પાસ થઈને જનારા વિદ્યાર્થીઓ પાસે તેમણે મેળવેલું જ્ઞાન જીવનભર રહેશે. તેઓ જે પણ લોકોના સંપર્કમાં આવે તેની સાથે સત્યથી વર્તે કારણ કે સત્ય પ્રકાશ છે. સત્ય એ સાર્વભૌમિક સિદ્ધાંત છે. જે દુનિયામાં ટકાઉ છે. આ સંસારમાં જેના પર તંત્ર ચાલે છે. સ્કૂલ-કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ હોય કે પછી કોર્ટમાં જજ-વકીલ દલિલો કરી રહ્યાં હોય. આ તમામ સત્યની શોધ માટે જ છે. વિશ્વમાં અસત્ય પણ ચાલે છે, અને ખોટો સિક્કો પણ ચાલે છે. પરંતુ જ્યાં સુધી તેની ખબર નથી પડતી ત્યાં સુધી જ. જ્યારે ખબર પડે છે કે, એ નકલી છે તો તે પડી ભાંગે છે. અંતિમ તો સત્ય જ છે. અસત્યનો પહાડ ગમે એટલો મોટો હોય પરંતુ સત્ય તેને ધીમે ધીમે કોતરી નાખે છે. સત્યનું આચરણ કરવાથી આ પૃથ્વી ઉપર સુખ, શાંતિ, નીડરતા, સંતોષ અને આનંદનું વાતાવરણ ઉભું થશે તેમ તેમણે જણાવ્યું હતું.

આપણા વેદવિજ્ઞાન વિશે તેમણે જણાવ્યું કે, આજની પૃથ્વી બે અબજ વર્ષ જૂની છે. પશ્ચિમના અમુક વિજ્ઞાનીઓ એવું કહેતા હતા કે, પૃથ્વી ચપટી છે, ચોરસ છે. પરંતુ આપણા ઋષિ મુનિઓના શાસ્ત્રો દર્શાવે છે કે, સમગ્ર પૃથ્વી ગોળ છે અને આ કારણોસર જ તેના અભ્યાસને પણ 'ભૂ-ગોળ' કહીએ છીએ. જેમાં ખુદ 'ગોળ' શબ્દ ઈંગીત છે. આવા અલભ્ય અને ઐતિહાસિક જ્ઞાન વારસાનું આપણને ગૌરવ હોવું જોઈએ.

તેમણે વિદ્યાર્થીઓને શીખ આપતાં જણાવ્યું હતું કે, તમે મેળવેલી વિદ્યા જનમાનસ સુધી ન પહોંચી શકે અને તેમના જીવનના અંધકારને ન ઉલેચી શકે તો આ વિદ્યાનો કોઈ અર્થ નથી. વિદ્યા પ્રકાશવાન, ઉજાસ ફેલાવનાર હોવી જોઈએ. આ વિદ્યાના જ્ઞાન સાથે સમાજજીવનમાં જ્યાં અધૂરપ છે, તેને પૂર્ણ કરવાનું કાર્ય કરી સમાજને દિવ્ય, ભવ્ય અને ગુણી બનાવવાનું કર્તવ્ય નિભાવવાનું છે. જે રીતે વાદળો સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવી અને જ્યાં જરુરિયાત છે ત્યાં વરસાવે છે. તે રીતે જ તમારે તમારા જ્ઞાનને જ્યાં જરૂરી છે. ત્યાં વહેંચીને જ્ઞાનનો પ્રકાશ વહેતો કરવાનો છે.

રાજ્યપાલે વધુમાં જણાવ્યું કે, ગુજરાતે સમયે સમયે દેશને અનેક મહાનુભાવો આપ્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતની ભવ્ય અને દિવ્ય વિરાસતને બચાવવાની સાથે જ ભૌતિક રીતે ઉન્નતિના માર્ગે અગ્રેસર બનાવી રહ્યાં છે. એક મોટું કાર્ય પૂર્ણ થાય ત્યાં બીજુ મોટું કાર્ય ઉપાડે છે. દેશને વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત બનાવવા માટે આપણે સારા નાગરિક તરીકેની ફરજ બજાવી આપણું યોગદાન આપીએ. રાજ્યપાલે આજના એક અખબારમાં આવેલી જામનગરના એક ખેડૂત યુવાનની વાત કહીને કઈ રીતે આ સામાન્ય ખેડૂતે પોતાની પત્નીના ખાડામાં પડવાના કારણે થયેલા મૃત્યુને એક કારણ બનાવીને સમાજના હિત ખાતર પોતાના ખિસ્સાના રૂા.૨૧ લાખ ખર્ચીને પ્રદેશમાં પડેલા ખાડાઓને પૂરવામાં લાગેલો છે. તેની લાગણીસભર વાત કરી આ પ્રકારના જીવંત અને જવાબદાર નાગરિક બનવાની શીખ ઉપસ્થિત વિદ્યાર્થીઓને આપી હતી.

આ તકે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાએ શુભેચ્છા સંદેશ પાઠવતાં વર્ચ્યુઅલી જણાવ્યું હતું કે, સંસ્કૃતિ જીવંત રાખવાનો ભગીરથ પ્રયાસ એટલે સંસ્કૃત. જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ યુનિવર્સિટીનો પાયો નાખ્યો, ત્યારે એ દ્રષ્ટિથી પાયો નાખ્યો હતો કે સંસ્કૃતનું જતન એટલે સંસ્કૃતિનું જતન થાય. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, દુનિયાએ સંસ્કૃત અને ભારતની સંસ્કૃતિ અપનાવવી પડશે. ગમે એટલા ભૌતિક સુખ-સાધનો શોધાઈ જશે, પરંતુ માનસિક સમજણ સંસ્કૃતમાંથી જ પ્રાપ્ત થશે. સંસ્કૃત એ દેવવાણી છે. જેના થકી આજે નહીં તો કાલે અને યુગો બાદ પણ દુનિયામાં ભારતની સંસ્કૃતિ ફેલાતી રહેશે. સંસ્કૃતમાંથી જ અનેક સાહિત્યોનું નિર્માણ થયું છે. પાંચ-દસ હજાર વર્ષ પહેલા ઋષિમુનીઓએ લખેલા રામાયણ, મહાભારત અને ઉપનિષદો આજે પણ લોકભોગ્ય છે. 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' આ શબ્દો જ મનને સંતુષ્ટિ પમાડે છે. ભારતને વૈચારિક જરૂરિયાત આ વિદ્યાર્થીઓ દ્વારા જ પ્રાપ્ત થાય અને તેમનું જ્ઞાન સર્વત્ર ફેલાય એવી અભ્યર્થના તેમણે તેમના વર્ચ્યુઅલ સંદેશ દ્વારા આપી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે, સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયે સંસ્કૃતનું અધ્યાપન અને અધ્યયન કરીને રાષ્ટ્રની મોટી સેવા કરી છે. આજે જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ, ડીપફેક વગેરે શબ્દ અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે વર્તમાનમાં સંસ્કૃતના વિદ્યાર્થીઓએ પણ સંસ્કૃત શાસ્ત્રના અભ્યાસુ હોવાની સાથે તમામ અભ્યાસ કરવો જરૂરી છે. વિભિન્ન તમામ ક્ષેત્રમાં સંસ્કૃતના વિદ્યાર્થીઓ નિપુણતા કેળવે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ સુકાન્તકુમાર સેનાપતિએ કહ્યું હતું કે, સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં વેદ, વેદાંગ, વ્યાકરણ, પુરાણ સહિતના વિષયોનું અધ્યયન અને અધ્યાપન ભારતીય પરંપરા મુજબ શાસ્ત્રોક્ત પદ્ધતિથી કરાવવામાં આવે છે. વિવિધ ક્ષેત્રોમાં વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ રાજ્ય સ્તરે અને દેશ સ્તરે યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે, તેની વિગતો આપી હતી. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી દશરથ જાદવે આભારવિધિ કરી હતી.

સંસ્કૃત યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો પૈકી આ વર્ષે શાસ્ત્રી (બી.એ.)-૩૦૪, આચાર્ય (એમ.એ.)-૨૨૨, પી.જી.ડી.સી.એ.-૨૦૧, શિક્ષાશાસ્ત્રી (બી.એડ.)-૫૪, તત્ત્વાચાર્ય (એમ.ફિલ.)-૦૫ અને વિદ્યાવારિધિ (પીએચ.ડી.)-૧૧ એમ કુલ ૭૯૭ ડીગ્રી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતાં. આ પદવીદાન સમારોહમાં ૨૩ ગોલ્ડમેડલ (સુવર્ણ પદક) અને ૪ સિલ્વરમેડલ (રજત પદક) એમ કુલ ૨૭ જેટલા પદકો પણ એનાયત કરવામાં આવ્યા હતાં. આ સાથે વિશેષમાં શ્રી ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ તથા સંસ્કૃત યુનિવર્સિટી વચ્ચે થયેલ એમઓયુ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ વ્યાકરણ વિષયનાં સંસ્કૃત વિદ્વાન ડૉ. રાજેન્દ્ર પ્રસાદ શુક્લાને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૪ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ અવસરે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ હર્ષદભાઈ પટેલ, વિવિધ વિદ્યાશાખાના ડીન, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.


# જૂનાગઢ જીલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૭ ફેબ્રુઆરીના ભરતી મેળો યોજાશે


જૂનાગઢ,તા.૧૬

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ધ ફર્ન લીયો રીસોર્ટ એન્ડ ક્લબ (વાસ સુંદર ઓર્ગેનાઈઝર), રીલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ, તથા પરફેક્ટ ઓટો સર્વિસ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ આસી. ફ્રંટ ઓફિસ મેનેજર, સુપરવાઈઝર, પ્લમ્બર, ઈલેક્ટ્રીશીયન, ગેસ્ટ સર્વિસ અટેન્ડેન્ટ, લાઈફ પ્લાનીંગ ઓફિસર તથા સેલ્સ એક્ઝુકેટીવની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન જૂનાગઢ ખાતે તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ રૅજઃ// ટ્રહેહ્વટ્રહહ્વરટ્ટ.ક્ષ્ર્દ્બટ્ટિં.ર્પ્દૃ.હ ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકાશે.

# મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકો માટે જરૂરી સુવિધા અને વ્યવસ્થાઓ ઉભી કરવા મંથન

## કલેકટર અનિલ કુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં મહાશિવરાત્રીના મેળાના આગોતરા આયોજન સંદર્ભે બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૧૬

ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ તળેટી વિસ્તારમાં પ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનો પરંપરાગત રીતે મહાવદ -૯ એટલે કે, તા.૫ માર્ચે આ મેળાનો શુભારંભ થશે. આધ્યાત્મિક અને પૌરાણિક રીતે વિશેષ મહત્વ ધરાવતા આ મહાશિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં ભાવિક ઉમટે છે, ત્યારે શ્રદ્ધાળુઓ માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થાઓ ઊભી કરવા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ સાથે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

કલેકટર કચેરી ખાતે કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં ભવનાથ તળેટી મર્યાદિત વિસ્તાર હોય અને ખૂબ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટતા હોવાથી ખાસ કરીને ટ્રાફિક નિયમન, સ્વચ્છતા, પીવાના પાણી અને આપાતકાલીન સ્થિતિમાં ઈમરજન્સી એક્ઝિટ માટેના રૂટ વિશે પણ ઉંડાણપૂર્વક ચર્ચા -વિચારણા કરવામાં આવી હતી.મહાનગરપાલિકા દ્વારા ભવનાથ વિસ્તારમાં આગામી સમયમાં ઉતારા મંડળ સહિતનાઓને પ્લોટ ફાળવવામાં આવનાર છે, ત્યારે ફાયર સેફટી, સફાઈ, પાણી, વીજળી વગેરે સુવિધાઓ માટે સંકલન કરવા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. મહાશિવરાત્રીના મેળા દરમ્યાન સ્વચ્છતા જળવાઈ રહે તે માટે અન્ય નગરપાલિકા-મહાનગરપાલિકા પાસેથી વધારાનો સફાઈકર્મીઓનો સ્ટાફ પણ આવશે. તેવી જ રીતે ફાયર સેફટી માટેના સાધનો અને સ્ટાફ આવશે. તે સંદર્ભે પણ જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં આરોગ્ય, વીજળી, પરિવહન સહિતની સુવિધાઓ અને દૂધ, ગેસ સિલિન્ડર અને અન્ય આવશ્યક ચીજ વસ્તુઓનો ભાવ નિયંત્રણ રહે તે માટે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. ઉપરાંત વન વિભાગ દ્વારા રાહત દરે લાકડાના વેચાણનું પણ આયોજન છે. આમ, આ બેઠકમાં કલેકટરે ભાવિકો માટે પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થાઓ સંદર્ભે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, જિલ્લા આયોજન અધિકારી આર. એમ.ગંભીર, પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર પરમાર, ડેપ્યુટી કમિશ્નર ઝાપડા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદર સામુહીક આરોગ્ય કેન્દ્રમાં દવાઓ ફાળવવા અને એક્સરે મશીન બંધ હોય રીપેર કરાવવા ટિમ ગબ્બરની માંગ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૬

ટિમ ગબ્બર ગુજરાતના સ્થાપક કાંતિ એચ.ગજેરા તથા વિસાવદરના સ્થાનિક એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા આરોગ્યમંત્રી મુખ્યમંત્રી ગુજરાત, કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી જૂનાગઢ મામલતદાર, વિસાવદર પ્રાંત અધિકારી વિસાવદર વગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે,વિસાવદર શહેરની વસ્તી ૪૦ હજારની છે અને તાલુકાની વસ્તી આશરે દોઢ લાખની હોય અહીં એક જ સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. અહીં બીજી કોઈ સરકારી હોસ્પિટલ આવેલ ન હોય અને જે છે તે માંદગીને બિછાને હોય તે રીતે હોસ્પિટલમાં પૂરતો દવાઓનો સ્ટોક ફાળવવામાં આવતો ન હોય માગણી કરવા છતાં વિસાવદરનીજરૂરિયાતના પ્રમાણમાં ખૂબ જ ઓછો સ્ટોક ફાળવી વિસાવદરને કાયમી અન્યાય કરવામાં આવી રહેલ હોય તેવી સ્થિતિ ઉભી થયેલ છે અહીંના દવાખાનામાં છે એના કરતાં નથી તેવી દવાઓનો સ્ટોક તાત્કાલિક ફાળવવામાં આવે તેવી અમારી માગણી છે. વિસાવદર તાલુકાના દર્દીઓ માટે સામાન્ય એવી સુવિધાઓ માટે વિસાવદરથી જૂનાગઢ જેવા દૂરના સ્થળે આવવું જવું ખૂબ જ કઠિન છે અને ગરીબ દર્દીઓને આ ખર્ચ પણ પોસાય તેમ ન હોય તેથી ગરીબ પ્રજાના હિતમાં તાત્કાલિક જરૂરી સુવિધાઓ તથા જરૂરી ખૂટતી તમામ દવાઓ માંગણી મુજબની ફાળવવામાં આવે તેમજ એક્સરે મશીન છેલ્લા ઘણા સમયથી બંધ હોય તેના કારણે લોકોને ખુબજ અગવડતા પડતી હોય અને બિન જરૂરી ખૂબ મોટો ખર્ચ કરી અન્ય પ્રાઈવેટ જગ્યાએ એક્સરે કઢાવવા જવું પડતું હોય તેથી આ બાબતે સ્થાનિક લોકો તરફથી પણ અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવાયેલ ન હોય તેથી વિસાવદર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરિયાત મુજબની દવાઓ તથા અન્ય સુવિધાઓ તાત્કાલિક પુરી પાડવા અમારી ટિમ ગબ્બરની રજુઆત છે.અમારી રજુઆત લાગુ પડતા વિભાગને પહોંચાડી યોગ્ય કાર્યવાહી કરી, કરાવી કરેલ કાર્યવાહીનો જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે અમારા ટિમ ગબ્બરના સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનું એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભેંસાણની સરકારી વિનયન કોલેજ ખાતે સ્ત્રી સશક્તિકરણ પડકારો અને ઉકેલો શિર્ષક ઉપર વ્યાખ્યાન યોજાયું

(પ્રતિનિધિ દ્વારા)




ભેંસાણ, તા.૧૬

સરકારી વિનયન કોલેજ ભેંસાણમાં રૂસા કમ્પોનન્ટ -૯ હેઠળ તા ૧૫-૨-૨૦૨૪ના રોજ 'સ્ત્રી સશક્તિકરણઃ પડકારો અને ઉકેલો' શિર્ષક ઉપર વ્યાખ્યાન યોજાયું હતું જેમાં તજજ્ઞ તરીકે બહાઉદ્દીન કોલેજના મનોવિજ્ઞાન વિભાગના પ્રોફેસર ડો. ભાવનાબેન હુંમર હાજર રહ્યા હતા તેઓએ સાંપ્રત સમયમાં સ્ત્રીઓ સામેના પડકારો અને તેના ઉકેલો અંગે વિસ્તૃત છણાવટ કરી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રૂસા કોર્ડીનેટર ડો.પંકજ સોંદરવા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના અભ્યાસ કરતા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાન ના અંતે પ્રો.ડો બંધીયા મુમેન્ટો આપી તજજ્ઞ પ્રોફેસર ડો. ભાવના મેડમનુ સન્માન કરવામાં આવ્યું હતું તેમાં સમગ્ર કોલેજના સ્ટાફ મિત્રો જોડાયા હતા.

# નર્મદા જયંતીનો મહિમા

આજ તા. ૧૬/૨/૨૦૨૪ મા નર્મદા જયંતી છે. મહા સુદ સાતમ ને શુક્રવારે નર્મદા જયંતી છે. ગુજરાતની પાલનહાર અને જીવાદોરી સમાન પર્વતરાજ મેખલની પુત્રી નર્મદા રેવાના નામથી ઓળખાય છે. ભારતની પાંચ મુખ્ય નદીમાં નર્મદાનો સમાવેશ થાય છે. વિધ્વંના પહાડોમાંથી અમરકંડક પ્રદેશમાં નર્મદાનું ઉદગમ સ્થાન છે. નર્મદા નદી ૧૩૧૨ કિ.મી. લાંબી છે. ભગવાન શંકરે મેખલ પર્વત ઉપર તપ કર્યું અને ભગવાન શંકરના પરસેવા માથી ૧૨ વર્ષની કન્યા અવતરિત થઈ હતી અને રૂપવાન હોવાના કારણે તેનું ભગવાન વિષ્ણુએ નર્મદા નામ પાડયુ હતું. ત્યારબાદ મા નર્મદાએ ૧૦ હજાર વર્ષ સુધી તપ કરેલુ અને શિવજી પાસે વરદાન માંગેલુ કે પ્રલય કાળમાં મારો નાશ ન થાય અને નદી સ્વરૂપે રહુ, મારામાં રહેલ દરેક પથ્થરની પૂજા શિવલીંગ તરીકે કરી શકાય આજે પણ લોકો નર્મદાની પ્રદક્ષિણા કરીને પુણ્યનું ભાથુ બાંધે છે. મા નર્મદાનો અર્થ થાય છે સુખ આપનાર પૂજન વિધિમાં સવારે વહેલા ઉઠી પોતાનો નિત્ય કર્મ કરે અને ત્યારબાદ એક બાજોટ અથવા પાટલો લેવો. તેની ઉપર સફેદ અથવા લાલ વસ્ત્ર પાથરવું ચોખાની ઢગલી ઉપર એક ત્રાંબાનો અથવા તો પિત્તળ નો કળશ અથવા લોટો રાખવો તેના ઉપર બાજુમાં દીવો અગરબત્તી કરવા કળશ નર્મદા જળથી અથવા નર્મદા જળ ઘરમાં ન હોય તો ડંકી અથવા કુવાના પાણીથી કળશ ભરવો અંદર પાણી પધરાવતી વખતે ઓમ માં નર્મદા નમઃ બોલતા જવું ત્યારબાદ તેમાં સોપારી પધરાવી, અબીલ, ગુલાલ, કંકુ , રૂપિયાનો સિક્કો પધરાવો, આસોપાલવના પાંચ પાન પધરાવવા અને ત્યાર પછી નેવેધમાં મીઠાઈ અર્પણ કરવી અને આરતી ઉતારવી અને ત્યારબાદ માં નર્મદાને પ્રાર્થના કરવી કે અમારા ઘરમાં અમારા કુટુંબમાં તથા અમે બધા જ ગુજરાતવાસીઓ સુખ શાંતિથી રહીએ અને અમારી દેશ વિદેશમાં પ્રગતિ થાય તેવા આશીર્વાદ આપશો ત્યારબાદ કળશનું જળ માં નર્મદાનું નામ લઈ આખા ઘરમાં ઓફિસમાં છાંટી શકાય છે અને બીજું વધેલું જળ તુલસી ક્યારે પધરાવું આવી રીતના ગુજરાતના દરેક ઘરે ઘરે નર્મદા માતાજીનું પૂજન કરવાથી ગુજરાતની અને ગુજરાતીઓની સમૃદ્ધિ અને સંપત્તિમાં વધારો થશે

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સમાન નાગરિક સંહિતા એટલે સાચી દિશાનું મહત્વનું પગલું

સંવિધાનના પ્રાવધાનોને સાકાર કરીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ સમાન નાગરિક સંહિતા (યૂસીસી) પર કાયદો બનાવવાની ઐતિહાસિક પહેલ કરી છે. સંવિધાનની શરૂઆત 'સત્યમેવ જયતે'થી થાય છે, જયાં સારનાથનો સિંહ કાયદાના શાસનના મહત્વને દર્શાવે છે.

ગણતંત્રના ૭૫ વર્ષ બાદ પણ યૂસીસી (સમાન નાગરિક સંહિતા) પર ચાલતી અસમંજસને સંવિધાનમાં ઉલ્લેખાયેલ પૌરાણિક આખ્યાનોથી સમજી શકાય છે. સંવિધાન સભામાં કે.એમ.મુન્સી જેવા સદસ્યોની વાત માનીને યૂસીસીને મૂળ અધિકારવાળા અધ્યાયમાં સામેલ કરવામાં આવત તો તે કાયદો તમામ માટે બાધ્યકારી બની જાત. મૂળ અધિકારવાળા અધ્યાય ૩માં રાવણને પરાજિત કર્યા બાદ પરત ફરતા રામ-લ-મણ અને સીતાજીની સાથે અધર્મ પર ધર્મની જીતનું ચિત્ર છે.

પરંતુ નજીરુદ્દીન અહમદ જેવા સભ્યોના વિરોધના કારણે આ માર્ગદર્શક સિદ્ધાંતવાળા અધ્યાય-૪માં મૂકવામાં આવ્યા હતા. જયાં કુરૂક્ષેત્રમાં શ્રીકૃષ્ણ ગીતાના ઉપદેશથી અર્જુનનો મોહ દૂર કરવાની કોશિશ કરીને કર્મ કરવા માટે પ્રેરિત કરી રહ્યા હતા. સંવિધાનમાં સ્ત્રી અને પુરુષ, બંનેને ચૂંટણીમાં મત આપવાનો એકસમાન અધિકાર છે. તમામ ધર્મોમાં સ્ત્રી અને પુરૂષો માટે અપરાધિક કાયદા પણ એકસમાન છે. પરંતુ લગ્ન, તલાક, બાળકો અને સંપત્તિથી જોડાયેલા સિવિલ મામલાઓમાં ધર્મના આધાર પર મહિલાનોની સાથે ભેદભાવ થવો દુર્ભાગ્યપૂર્ણ છે. ડો.રાજેન્દ્ર પ્રસાદની વાતો પર અમલ કરતા વર્ષ ૧૯૫૬માં હિન્દુ કોડ બિલની સાથે મુસ્લિમ સમુદાય માટે પણ કાયદો બનવો જોઈતો હતો. વર્ષ ૧૯૮૫માં શાહબાનો મામલા બાદ પણ આ બાબતે નકકર પગલાં ભરી શકાયા હોત. પરંતુ તેના બદલે તુષ્ટીકરણ નીતિ અંતર્ગત સુપ્રીમ કોર્ટના નિર્ણયને પલટવાથી કટ્ટરપંથી તાકાતોને પ્રોત્સાહન મળ્યું હતું.

ઈન્ડોનેશિયા, બહરીન, તુર્કી અને લેબનાન જેવા અનેક મુસ્લિમ દેશોમાં આધુનિક કાયદા અમલમાં છે, જયારે ભારતમાં ઓવૈસી જેવા કટ્ટરપંથી નેતાઓ દ્વારા ધર્મના આધાર પર યૂસીસીના વિરોધને પ્રાધાન્યતા કેમ મળવી જોઈએ? પર્સનલ લોના નામ પર રજસ્વલા થયા બાદ સગીર મુસ્લિમ કિશોરીઓના લગ્નને સમર્થન કરનારાઓને શરીયત એકટની ધારા ૩-બી વાંચવાની જરુરત છે. કોન્ટ્રેકટ એકટની ધારા ૧૧ અંતર્ગત આ પ્રકારના અનુબંધમાં બંને પક્ષોનું સક્ષમ એટલે કે પુખ્ત વયના હોવું જરૂરી છે. આથી શરીયત એકટની આડમાં સગીર વયના બાળકોના લગ્ન કરાવવા ખોટું છે.

રાજકીય વિવાદો અને ધાર્મિક વિરોધાભાસની સાથે અનેક કાયદાકીય પડકારો પણ છે. જેમાં લિવ-ઈનના વર્તમાન પ્રવાહમાં વધુ-વિવાહ પર પ્રભાવશાળી પ્રતિબંધ કેવી રીતે લાગી શકશે? પ્રસ્તાવિત કાયદામાં લિવ-ઈનમાં રહેવાની સ્વઘોષણાની સાથે અભિભાવકોને સૂચના આપવાનું પ્રાવધાન છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય અને કાયદો હોવા છતાંયે તમામ લગ્નના રજીસ્ટ્રેશનના નિયમોનું પાલન થઈ રહયું નથી, આ સંજોગોમાં લિવ-ઈનના પ્રવાહમાં શાદી અને તલાકના મામલો પર નિર્ધારણ કેવી રીતે થઈ શકશે?

બીજી બાબત એ છેકે દેશના કાયદા અનુસાર લગ્ન માટે ન્યુનત્તમ વય છોકરીઓ માટે ૧૮ વર્ષ અને છોકરાઓ માટે ૨૧ વર્ષ છે. છોકરીઓની લગ્નની ઉંમર ૧૮થી ૨૧ વર્ષ કરવા માટે સંસદમાં અનેક વર્ષોથી ફકત મંથન થઈ રહ્યું છે. ઉત્તરાખંડમાં પૂર્વ ન્યાયાધીશ કમિટીએ પણ માન્યું છે કે બાળવિવાહની પાછળ અશિક્ષિતપણું અને ગરીબી મુખ્ય કારણ છે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ અનુસાર સગીર બાળકોની સહમતિથી બનેલા સંબંધોને અપરાધના દાયરાથી બહાર રાખવા જોઈએ. આથી છોકરીઓની વય મર્યાદા વધારવાના બદલે છોકરાંઓના લગ્નની ન્યૂનત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ કરવા અંગે વિચાર કરવો જોઈએ. જેનાથી લૈંગિક સમાનતાની સાથે કાયદા પાલનનો વિશ્વાસ વધશે.

ત્રીજી બાબત એ છે કે કેટલાક લોકો યૂસીસીને જનસંખ્યા વિસ્ફોટથી નીપટવા માટેનો કારગર ઉપાય માની રહ્યા છે. ભારતમાં છેલ્લા કેટલાક દસકાઓથી જનસંખ્યા નિયંત્રણ પર કાયદો બનાવવાની માત્ર વાતો જ રહી ગઈ છે, જયારે વાસ્તવિકતા એ છે કે આગામી ૧૦ વર્ષોમાં કામકાજી આબાદી ઘટવાની સાથે વૃદ્ધોની સંખ્યામાં અનેકગણો વધારો જોવા મળશે. યૂસીસી અંતર્ગત લિવ-ઈનથી જન્મ લેનાર બાળકોને પણ કાનૂની અધિકાર મળશે. સરોગસી દ્વારા પણ લોકો બાળકો પેદા કરે છે. આ નવા પડકારો વચ્ચે બે બાળકોની નીતિ પર પ્રભાવી અમલ કેવી રીતે થઈ શકશે?

ઉત્તરાખંડ ઉપરાંત મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પણ આ પ્રકારની પહેલ થઈ રહી છે.સમવર્તી સૂચિમાં યૂસીસીથી જોડાયેલા અનેક મામલાઓ પર સંસદમાં કાયદા બનાવાયા છે. અનેક વિષયો પર કાયદા બનાવવા માટે જોરશોરથી ચર્ચા થઈ રહી છે. આથી ઉત્તરાખંડ વિધાનસભામાં પારિત થયા બાદ રાજયપાલ તેને કેન્દ્રિય ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી શકે છે. રાજકીય દષ્ટિથી રાજયોમાં કાયદો બનાવવો લાભકારી થઈ શકે છે. પરંતુ કેટલાક રાજયોમાં મનમાની રીતે કાયદા નિર્માણથી ખોટા ઉદાહરણ સાથે સાંવિધાનિક અરાજકતા પણ વધી શકે છે.

આઈપીસી, સીઆરપીસી અને એવિડન્સ એકટના કાયદાને બદલે સમગ્ર દેશ માટે નવા અપરાધિક કાયદા બનાવવામાં આવ્યા છે. નકલ રોકવા માટે પણ સંસદથી રાષ્ટ્રીય સ્તરે કાયદો બની રહ્યો છે. તીન તલાક અંગે પણ કેન્દ્ર સરકારે પ્રભાવી કાયદો બનાવ્યો છે. આથી સંવિધાનના અનુચ્છેદ ૧૨ અંતર્ગત અપાયેલ રાજયની પરિભાષા અને વિધિ આયોગની ભલામણો અનુસાર સંસદથી સમગ્ર દેશ માટે યૂસીસી કાયદો બનવો જોઈએ.

યૂસીસીનો મુદ્દો ૧૯૮૯થી ભાજપના ઘોષણા પત્રનો ભાગ રહ્યો છે. જે રીતે અનુચ્છેદ ૩૭૦ના પ્રાવધાનોને સંસદના કાયદાથી નિરસ્ત કરાયો છે, તેવા જ નકકર પગલાથી યૂસીસી પર રાજયોને બદલે કેન્દ્રિય સ્તરે અમલની જરુરત છે. વિધિ આયોગની રિપોર્ટમાં યૂસીસીને લાગુ કરવા અંગે અનેક અવ્યવહારિક અડચણોનું વિવરણ છે.

ઉત્તરાખંડમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશની સમિતિએ મોટા સ્તરે તમામ પક્ષોની સાથે વિચાર-વિમર્શ કર્યો હતો. જેના આધારે સમગ્ર દેશમાં સ્વસ્થ ચર્ચા કર્યા બાદ રાષ્ટ્રીય સહમતિ બનાવવાની જરુર છે. ઉત્તરાખંડમાં બની રહેલ નવો કાયદો સંવિધાનની દષ્ટિએ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ સાબિત થઈ શકે છે. મહાત્મા ગાંધી અને ડો.આંબેડકરે સ્ત્રી-પુરૂષને સમાન અધિકારો પર ભાર મૂકયો હતો. આથી ઉત્તરાખંડથી પ્રેરણા લઈને એક દેશ એક કાનૂન અંતર્ગત યૂસીસી સમગ્ર દેશમાં સત્વરે લાગુ કરવાની જરુરત છે. જેનાથી સંવિધાન નિર્માતાઓ દ્વારા સેવેલા લૈંગિક સમાનતાના સ્વપ્નને સાચા અર્થમાં સાકાર કરી શકાશે.

# મોદી આગામી ૧૦ દિવસમાં દેશને ૭ નવી AIIMSની ભેટ આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય સેવાઓને લઈને મોટો નિર્ણય લેવા જઈ રહી છે. આગામી ૧૦ દિવસમાં કેન્દ્ર સરકાર દેશવાસીઓને ૭ AIIMS ભેટ આપશે. મળતી માહિતી મુજબ, વડાપ્રધાન બહુ જલ્દી ૬ એઈમ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. તે જ સમયે, ૧૬ ફેબ્રુઆરીએ પીએમ મોદી દ્વારા રેવાડી AIIMSનો શિલાન્યાસ કરવાનો છે.

AIIMSના સ્વાસ્થ્ય માળખા માટે સરકાર દ્વારા આશરે રૂ. ૧૦,૨૦૦ કરોડની વિશાળ બજેટ ફાળવણી કરવામાં આવી છે. PM જે ૬ AIIMSનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે તેમાં ગુજરાતમાં રાજકોટ, ભટિંડા, પંજાબમાં રાયબરેલી, પશ્ચિમ બંગાળમાં કલ્યાણી, આંધ્રપ્રદેશમાં મંગલગિરી અને જમ્મુમાં અવંતિપુરનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે હરિયાણાના રેવાડી જશે. આ દરમિયાન, તેઓ શહેરી પરિવહન, આરોગ્ય, રેલ અને પર્યટન ક્ષેત્રો સાથે સંબંધિત ૯,૭૫૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. વડાપ્રધાન કાર્યાલય (PMO) એ ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી. આ મુજબ તેઓ રેવાડીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)નો શિલાન્યાસ કરશે અને કેટલાક રેલવે પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત પણ કરશે.

PMOએ કહ્યું કે રેવાડીમાં AIIMSનો શિલાન્યાસ સમગ્ર દેશમાં જાહેર આરોગ્ય માળખાને મજબૂત કરવાના વડા પ્રધાનના વિઝનને અનુરૂપ છે. અંદાજે ૧,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવનાર AIIMS રેવાડીને રેવાડીના મજરા મસ્તિલ ભરખી ગામમાં ૨૦૩ એકર જમીન પર વિકસાવવામાં આવશે.

પીએમ મોદી ૨૦ ફેબ્રુઆરીએ જમ્મુના પ્રવાસે હશે અને તેઓ અહીં અનેક પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે. આ સાથે તેઓ એક રેલીને પણ સંબોધિત કરશે. જમ્મુ પહેલા પીએમ ૧૯ ફેબ્રુઆરીએ સંભલમાં કલ્કી ધામની મુલાકાત લેશે. સવારે દસ વાગ્યે કલ્કિ ધામનો શિલાન્યાસ કરશે અને પછી જમ્મુ જવા રવાના થશે.

૨૪મી ફેબ્રુઆરી શનિવારના રોજ તેઓ જામનગરમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે અને ત્યારબાદ ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે તેઓ બેટ દ્વારકા ખાતે સિગ્નેચર બ્રિજને જનતાને અર્પણ કરશે. આ પછી, તેઓ રાજકોટ એઈમ્સમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે અને ઘણા વિકાસ પ્રોજેક્ટોનું શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરશે.

# ગુજરાતના ૧૧ જિલ્લામાંથી રૂા. ૨ કરોડ ૫૭ લાખનો જથ્થો સગેવગે કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૬

ગુજરાત વિધાનસભામાં રાજયમાં સરકારી અનાજ સગેવગે થયાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, વિધાનસભા ગૃહમાં સત્ર દરમિયાન કોંગ્રેસ ધારાસભ્યોએ રાજયમાં સરકારી અનાજ સગેવગે થવા અંગે પ્રશ્ન પૂછ્યા હતા. જે સંદર્ભે સરકારી અનાજ સગેવગે થયાના ચોંકી જવાય તેવા આંકડા સામે આવ્યા છે. આંકડાઓ મુજબ ૧૧ જિલ્લાઓમાંથી ૧૪ લાખ ૫૪ હજાર કિલો અનાજનો સગેવગે થયો હોવાનું સામે આવ્યું છે. સરકારી અનાજ સગેવગે કરવામાં ચોંકાવનારી વિગતો ગૃહમાં રજૂ કરવામાં આવી છે. જેમાં રાજયના ૧૧ જિલ્લામાંથી સરકારી અનાજ સગેવગે થયાના આંકડા સામે આવ્યા છે. જે મુજબ ૧૧ જિલ્લાઓમાંથી ૧૪ લાખ ૫૪ હજાર કિલો અનાજનો સગેવગે થયો છે. જેમાં ૧૧ જિલ્લામાં રૂ.૨ કરોડ ૫૭ લાખની કિંમતનો જથ્થો સગેવગે થયો હોવાનું ગૃહમાં જણાવાયું છે. કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્ન પર સરકારે આ જવાબ આપ્યો હતો. મહત્વનું છે કે, સુરતમાં સૌથી વધુ ૪.૯૯ લાખ કિલો અનાજનો જથ્થો સગેવગે થયો તો સાબરકાંઠા જિલ્લામાં ૪.૭૭ લાખ કિલો સરકારી અનાજનો જથ્થો સગેવગે થયો હોવાનું કહેવાયું છે.

# માંગરોળ તાલુકાના વાંકલ ગામે કપિરાજે આંતક મચાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૧૬

માંગરોળ તાલુકાના વાંકલ ગામે કપિરાજે આંતક મચાવ્યો છે. તોફાની કપિરાજે વધુ ચાર લોકોને નિશાન બનાવતા ૨૦ લોકો અત્યાર સુધી તેનો શિકાર બની ચુક્યા છે. સ્થાનિકો વહેલી તકે આ કપિરાજને પાંજરે પૂરવાની માંગ કરી રહયા છે. સ્થાનિકો અનુસાર આ કપિરાજના કારણે લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે.વાંકલ ગામમાં છેલ્લા પાંચ દસ દિવસથી તોફાને ચડેલો કપિરાજે નિર્દોષ લોકો અને વિશેષ શાકભાજી બજારની આસપાસથી પસાર થતા લોકોને બચકા ભર્યા છે. લોકોએ વાંદરાને પકડવા માટેની માંગણી કરતાં વનવિભાગની ટીમ પાંજરા સાથે સ્થાનિક વિસ્તારમાં પહોંચી હતી.

સ્થાનિકો અનુસાર નિયમિત સાંજના સુમારે વાંકલ પ્રાથમિક શાળા રોડ વિસ્તારમાં તોફાની કપિરાજ ઝુંડ સાથે દેખાય છે. વન વિભાગની ટીમે પાંજરૂ મૂકી તેને પકડવા પ્રયાસો હાથ ધર્યા હતા.

# પાટણમાં એક જ દિવસમાં ૨ મોટા અકસ્માત, ૬ લોકોના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
પાટણ, તા.૧૬

રાજ્યમાં દિવસેને દિવસે રોડ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે પાટણમાં એક જ દિવસમાં ૨ મોટા અકસ્માતમાં ૬ લોકોએ જિંદગી ગુમાવી છે. છેલ્લા ૧૨ કલાકમાં પાટણ જિલ્લામાં બીજો મોટો અકસ્માત થયો છે. ગત મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તે ઘટનાને હજું કળ પણ વળી નહોતી ત્યાં આજે બપોરે ઝાડ સાથે કાર ટકરાતાં થયેલા અકસ્માતમાં વધુ ત્રણ લોકો મોતને ભેટ્યા છે. આમ બંને અકસ્માતમાં કુલ ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પાટણમાં એક જ દિવસમાં બીજી અકસ્માતની ઘટના સામે આવી છે. ચાણસ્મા-હારીજ માર્ગ પર બપોરે ૨:૩૦ વાગ્યા આસપાસ વરાણાથી દર્શન કરીને પરત ફરી રહેલી અલ્ટો કાર વૃક્ષ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક, કાર ચાલક અને કારમાં સવાર યુવતી એમ ત્રણના કરુણ મોત નીપજ્યા છે. જ્યારે કાર સવાર ત્રણ લોકો ઈજાગ્રસ્ત બન્યા થયા છે. જેમને ૧૦૮ દ્વારા ચાણસ્મા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટનાના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં ભોગ બનનાર મૃતકોના નામ સામે આવ્યા છે. જેમાં પટેલ મનોજભાઈ હેમરાજભાઈ (ઉવ.૪૫. કાર ચાલક), પટેલ વિશ્વાબેન કનુભાઈ (ઉવ.૨૨. કારમાં સવાર યુવતી) અને ઠાકોર રામાજી વાઘાજી (ઉવ.૫૦. બાઈક ચાલક)નો સમાવેશ થાય છે, જ્યારે કારમાં સવાર ઈજાગ્રસ્તોના નામની વાત કરીએ તો પટેલ અંજનાબેન કનુભાઈ (ઉવ.૪૨), પટેલ ધ્રૃવાંગ કનુભાઈ (ઉવ.૧૮) અને પટેલ શિવાન્યા કનુભાઈ (ઉવ.૦૭)નો સમાવેશ થાય છે. મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની પાટણમાં મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી. અજાણ્યા કાર ચાલકે ૩ પદયાત્રીઓને કચડ્યા હતા. જેમાં ૩ મહિલાઓના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. આ ત્રણેય મહિલાઓ એક જ પરિવારની હતી. આંબલા ગામનો ઠાકોર પરિવાર ખોડિયાર માતાના દર્શને જવા નીકળ્યો હતો, ત્યારે અજાણી ગાડીએ તેમને ટક્કર મારી હતી. જેમાં અન્ય પાંચ પદયાત્રી ઈજાગ્રસ્ત થયા છે. મહેન્દ્રભાઈ ઠાકોર (ઉમર ૨૫), રાહુલભાઈ મગનજી ઠાકોર (ઉમર ૧૮), નિલેશભાઈ પ્રભાતભાઈ ઠાકોર (ઉમર ૧૩), સવિતાબેન નાગજીજી ઠાકોર (ઉમર ૪૫), સંદેશભાઈ માનસીંગભાઈ ઠાકોર (ઉમર ૧૮)બેચરાજીના અંબાલા ગામનો ઠાકોર પરિવાર વરાણા ખોડિયાર માતાનાં મંદિરે પગપાળા જઈ રહ્યો હતો. પરિવાર ચાલતો ચાલતો હારીજ-ચાણસ્મા હાઈવે પર પહોંચ્યો ત્યારે મોડી રાતે એક અજાણી ટ્રૂકે પદયાત્રીઓને અડફેટે લીધા હતા. અજાણ્યા વાહન ચાલકે મોડીરાત્રે પદયાત્રીઓને અડફેટે લઈ રફૂચક્કર થઈ ગયો હતો. આ અકસ્માતથી હાઈવે પર લોહીની નદીઓ વહી હતી. એક જ પરિવારની ત્રણ મહિલાઓના મોતથી હાઈવે પર આક્રંદ જોવા મળ્યુ હતું. તો બીજી તરફ, પરિવારના ઘાયલ લોકો રસ્તા પર તરફડિયા મારતાહ તા. તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્તો પદયાત્રીઓને ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તો બીજી તરફ, હારીજ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી છે. અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરાઈ છે.

## નેશનલ ટીચર એજ્યુકેશન કાઉન્સિલનો નવો સરક્યુલર

# ઈન્ટિગ્રેટેડ B.A-B.Ed અને B.Sc- B.Ed કોર્સ વર્ષ ૨૦૨૫-૨૬થી બંધ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૬

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન ના નવા સર્ક્યુલર-પબ્લિક નોટિસ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ચાર વર્ષના ઈન્ટિગ્રેડ બીએ-બી.એડ અને બી.એસસી-બી.એડ કોર્સ બંધ કરવામા આવશે. આ કોર્સીસ માટે ૨૦૨૪-૨૫નું વર્ષ છેલ્લુ એકેડેમિક વર્ષ ગણાશે. યુનિ.-કોલેજોએ હવે આ ઈન્ટિગ્રેટેડ કોર્સને બંધ કરીને કાઉન્સિલે નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરેલા ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ (આઈટેપ) માટે અરજી કરવની રહેશે. જ્યારે હાલના રેગ્યુલેર બી.એડ કોર્સ પણ ૨૦૩૦થી બંધ થશે અને ૨૦૩૦થી આ નવા ઈન્ટિગ્રેટેડ બી.એડ કોર્સ ભણાવાશે.

ગુજરાતમાં હાલ સરકારી એવી ટીચર્સ યુનિ.માં હાલ ચાર વર્ષના ૧૦૦-૧૦૦ બેઠકો સાથે ઈન્ટિગ્રેટેડ બી.એ-બી.એડ અને બી.એસસી-બી.એડ ચાલે છે અને આ ઉપરાંત રાજયની કેટલીક પ્રાઈવેટ યુનિ.ઓમાં પણ આ ઈન્ટિગ્રેટેડ કોર્સીસ ચલાવવામા આવે છે ત્યારે ૨૦૨૫-૨૬થી આ કોર્સીસ બંધ થશે. એનસીટીઈ દ્વારા જાહેર કરાયેલી તાજેતરની પબ્લિક નોટિસ મુજબ ૨૦૨૪-૨૫નું વર્ષ આ કોર્સીસ માટે છેલ્લુ એકેડેમિક વર્ષ ગણાશે અને ૨૦૨૪-૨૫ સુધી અપાયેલા એડમિશન અંતર્ગત વિદ્યાર્થીઓ કોર્સ પુરો થશે ત્યાં સુધી ભણી શકશે. પરંતુ ૨૦૨૫-૨૬થી આ કોર્સીસમાં પ્રવેશ નહીં થઈ શકે. હાલ જે કોલેજો-યુનિ.ઓમાં આ ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ ચાલે છે તે કોલેજ- યુનિ.ઓએ કોર્સ બંધ કરીને કાઉન્સિલના નવા ઈન્ટિગ્રેટેડ ટીચર્સ એજ્યુકેશન પ્રોગ્રામમાં ટ્રાન્સફર થવા માટે અરજી કરવાની રહેશે.

ટીચર એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા નવી શિક્ષણ નીતિને અનુરૂપ નવા ક્રેડિટકરિક્યુલમ ફ્રેમવર્ક સાથે નવો ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ તૈયાર કર્યો છે. જેમાં બી.એ,બી.કોમ અને બી.એસ સી બીએડ માટે પ્રીપ્રાયમરી માટે ફાઉન્ડેશન, ધો.૫ સુધીના સ્કૂલ લેવલના શિક્ષક માટે પ્રીપેરેટરી સ્ટેજ તથા ધો.૬ થી ૮ માટે મીડલ સ્ટેજ અને ધો.૯ થી ૧૨ માટે સેકન્ડરી સ્ટેજનો કરિક્યુલમ છે. ઈન્ટર ડિસિપ્લનરી સબ્જેકટ સાથે નવા ઈન્ટિગ્રેટેડ કોર્સમાં વિદ્યાર્થીઓને મેજર - માઈનોર સબ્જેકટ પણ અપાશે અને અન્ય કોર્સીસની જેમ જ ૧૬૦ ક્રેડિટ રહેશે તથા સ્કૂલ એકસપિરિયન્સ માટે પ્રેક્ટિકલ રહેશે અને ૭મા સેમેસ્ટરમાં ૧૦ ક્રેડિટની ઈન્ટર્નશિપ તથા ૮માં સેમેસ્ટરમાં બે ક્રેડિટનું પોસ્ટ ઈન્ટર્નશિપનું રીવ્યુ-એનાલિસીસ રહેશે. કોલેજ-યુનિ જે પણ સ્ટેજ માટેના શિક્ષકોની તાલીમ આપવા માંગતા તે માટેનો કોર્સ શરૂ કરવા અરજી કરી શકશે.

જયારે હાલ ગ્રેજ્યુએશન પછીના બે વર્ષના જે રેગ્યુલર બી.એડ કોર્સ ચાલે છે તે ૨૦૩૦ સુધી ચાલશે. બી.એડ કોલેજોએ પણ ૨૦૩૦ બાદ નવા ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ મુજબ ભણાવવાનું રહેશે અને નવા નિયમો મુજબ માત્ર બી.એડ નહીં ચલાવી શકાય તેમજ એક જ કેમ્પસની બે કોલેજો અલગ અલગ યુનિ.હેઠળ નહીં ચાલી શકે. સાયન્સ કોલેજે બી.એડ માટે એક જ યુનિ.માં રહેવુ પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૭ રથ સપ્તમી, વિધાન-આરોગ્ય સપ્તમી, ભીમાષ્ટમી તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૫,ભરણી નક્ષત્ર, બ્રહ્મ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૪, સૂ.અ.૬:૪૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), બપોરે ૨:૪૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કૌટુંબિક કાર્યમાં વિક્ષેપ પડે. મહેનત પ્રમાણે ફળ ઓછું મળે.
વૃષભ:નવિન ઓળખાણ દ્વારા લાભ થાય. ક્રોધ પર કાબુ રાખવો.
મિથુન:જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. લાભની આશા ફળે.
કર્ક: વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. માનસિક ચિંતામાં વધારો થાય.
સિંહ: વિરોધીઓથી સાવધ રહેવું. મનની મુરાદ વિલંબથી ફળે.
કન્યા: જીવનસાથી કે વડીલ વર્ગથી મતભેદ રહે. મન વ્યગ્ર રહે.
તુલા: તબિયત અંગે સાવચેતી જરૂરી બને. મહત્વની સમસ્યાનો ઉકેલ
વૃશ્ચિક:મનમાં ઉત્સાહ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
ધન: વ્યવસાય-નોકરીને લગતા કાર્યમાં પ્રતિકૂળતા રહે.
મકર: કૌટુંબિક મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય.
કુંભ: કાર્યબોજ હળવો બને. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.
મીન: મનમાં અકારણ ચિંતા અનુભવાય. વાણી ઘર્ષણનો યોગ છે.

# ગાંધીનગરના સાંસ્કૃતિક કુંજ ખાતે નૃત્યકલાપર્વ વસંતોત્સવનો પ્રારંભ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સંસ્કૃતિક કુંજ ખાતે નૃત્યકલાપર્વ 'વસંતોત્સવ' નો શુભારંભ મંત્રી મુળુભાઈ બેરાએ કરાવ્યો છે. ૨૩મી ફેબ્રુઆરી સુધી દરરોજ સાંજે ૭:૦૦ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સંસ્કૃતિ કુંજ, સરિતા ઉદ્યાન ખાતે યોજાશે. આ મહોત્સવમાં રાજસ્થાન, પંજાબ, અસમ,ઓરિસ્સા, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ રાજય દ્વારા અલગ અલગ જાણીતા પ્રાદેશિક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે. ગુજરાતના ખ્યાતનામના કલાકારો અને રાજયના વિવિધ પ્રસિદ્ધ ગ્રુપ દ્વારા પારંપરિક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે. સંસ્કૃતિકુંજ ખાતે ઉભા કરાયેલા સ્ટોલમાં કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ બપોરે ૦૨ થી રાત્રે ૧૦ કલાક સુધી કરવામાં આવશે જેનો લાભ નગરજનો લઈ શકશે. આ સાંસ્કૃતિક પર્વ વસંતોત્સવના આગમનની ગાંધીનગરવાસીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વર્ષોથી ચાલ્યા આવતા ઉત્સવને માણવા હજારોની સંખ્યામાં લોકો ઉમટે છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ દરરોજ સાંજે ૭:૦૦ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સંસ્કૃતિ કુંજ, સરિતા ઉદ્યાન પાસે, 'જ' રોડ, ગાંધીનગરમાં આયોજિત કરાઈ છે. ગુજરાતના ખ્યાતનામ કલાકારો અને વૃંદો દ્વારા ગણેશ વંદના, રાજ્યના વિવિધ પ્રસિદ્ધ ગ્રુપ દ્વારા પારંપરિક નૃત્ય કૃતિઓની પ્રસ્તુતિ, પ્રાચીન અર્વાચીન ગરબા અને રાસની પ્રસ્તુતિ, તુરી બારોટ સમાજના મંડળો દ્વારા વિવિધ વિસરાતા લોકનૃત્યોની પ્રસ્તુતિ, ગુજરાતના લોકકલારત્ન દ્વારા લોક સંગીત અને સાહિત્યની મોજને પણ વસંતોત્સવ દરમિયાન માણવાનો લ્હાવો મળશેરમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ, ગુજરાત સરકાર અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,ગાંધીનગર દ્વારા તારીખ ૧૪મી ફેબ્રુઆરીથી ૨૩મી ફેબ્રુઆરી દરમિયાન, સંસ્કૃતિ કુંજ ખાતે આયોજન કરાયુ છે. આ વસંતોત્સવમાં રાજયો અને દેશના અનેક લોકનૃત્યો અને લોકસંગીતનો વારસો, કુશળ કારીગરોની હાથશાળની બનાવટો, અને કલાકારોના સાંસ્કૃતિક પ્રદર્શનો જોવા મળશે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર વસંતોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

## રાજ્યના જંગલોમાં દર ૬ દિવસે એક સિંહ બાળનું મોત !

# રાજ્યમાં બે વર્ષમાં સિંહોના સંરક્ષણ માટે ૨૭૦ કરોડ ખર્ચ સામે ૨૩૮ સિંહોના મૃત્યુ !



ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં સિંહોના મૃત્યુનો પ્રશ્ન દર વખતે સામે આવતો રહે છે. દર વર્ષે રાજ્યમાં સિંહોના મૃત્યુની સંખ્યા નાની સૂની નથી. છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૨૩૮ જેટલા સિંહોના મૃત્યુ થયા છે. જ્યારે તેની સામે સરકાર દ્વારા ૨૭૦ કરોડ જેટલો સિંહોના સંરક્ષણ વગેરે પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. જેમાં ગુજરાતમાં થતા સિંહ મૃત્યુદર વિશે પૂછાયેલા પ્રશ્નનો વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીએ જવાબ આપ્યો હતો. જેમાં વર્ષ ૦૧-૦૧-૨૦૨૨થી ૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન રાજ્યમાં થયેલા એશિયાટિક સિંહના મોતનો ચોંકાવનારો આંકડો સામે આવ્યા હતા. માત્ર ૭૩૦ દિવસમાં જ ૧૧૮ સિંહ બાળનું, ૪૩ સિંહણનું અને ૪૩ સિંહનું કુદરતી મોત નીપજ્યું છે. છેલ્લા બે વર્ષમાં સિંહ સંરક્ષણ માટે સરકારે ૨૭૦ કરોડ ૯૩ લાખ રૂપિયા ખર્ચ્યા છે. તેમ છતાં રાજ્યમાં પ્રતિ ૬ દિવસે એક સિંહ બાળનું મોત થાય છે. રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મુકેશ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એશિયાટીક સિહોના ભવિષ્યને સુરક્ષિત કરવા પ્રોજેક્ટ લાયન અમલી બનાવ્યો છે. જે હેઠળ સિંહોની વધતી સંખ્યા માટે વધુ સુરક્ષિત રહેઠાણના વ્યવસ્થાપન, સ્થાનિક નાગરિકોની આજીવિકા નિર્માણ અને તેમની સહભાગીદારી નિશ્ચિત કરવામાં આવી છે. આ ઉપરાંત બિગ કેટ ડીસીસ ડાયગ્નોસ્ટીકસ અને સારવાર વિષયક જ્ઞાનનું વૈશ્વિક હબ બનાવવા આવશે. સાથે સાથે પ્રોજેક્ટ લાયન દ્વારા જૈવિક સંરક્ષણ માટે પણ સઘન પ્રયાસો કરાશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૩ની સ્થિતિએ રૂા.૨૦૦ લાખની સહાય મળી છે. મંત્રી પટેલે સિહોના સંરક્ષણ માટે લેવાયેલા પગલાની વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓની બિમારી તેમજ અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની તેમજ વન વિભાગ દ્વારા સિંહોના અવરજવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્ય પ્રાણી મિત્રોની પણ નિમણૂક કરવામાં આવી છે. વન્યપ્રાણીઓના રેસ્ક્યૂ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યૂ ટીમની રચના કરવામાં આવી છે. જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેંદ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો ઉપર સ્પીડ બ્રેકરો મુકવામાં આવ્યા છે. લોક જાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો ઉપર સાઈન બોર્ડ મુકવામાં આવેલા છે. સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે છે. તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી ફાળવવામાં આવી છે. પોલીસ વિભાગ, વન ખાતું પી.જી.વી.સી.એલ.વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે. ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. આ સિવાય અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવી છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કોરેન્ટાઈન ઝોન બનાવવામાં આવ્યો છે. સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવ્યું છે. સાસણમાં હાઈટેક મોનિટરિંગ યુનિટની સ્થાપના કરવામાં આવી છે.

## ભારતના સૌથી ઘરડા ટેસ્ટ ક્રિકેટર દત્તાજીરાવ ગાયકવાડનું નિધન

અમદાવાદ તા.૧૬

ભારતના સૌથી ઘરડા ટેસ્ટ ક્રિકેટર અને પૂર્વ કપ્તાન દત્તાજીરાવ ગાયકવાડનું ઉંમર સંબંધિત બીમારીના કારણે મંગળવારે નિધન થઈ ગયું છે. તેઓ ભારતના પૂર્વ ઓપનર અને રાષ્ટ્રીય કોચ અંશુમાન ગાયકવાડના પિતા હતા. તેઓ ૯૫ વર્ષના હતા. પરિવારના સૂત્રએ જણાવ્યું કે, તેમણે છેલ્લા ૧૨ દિવસ વડોદરાની એક હોસ્પિટલના આઈસીયુમાં જીવન અને મોત વચ્ચે ઝઝૂમ્યા બાદ આજે સવારે અંતિમ શ્વાસ લીધો. તેમણે ૧૯૫૨ અને ૧૯૬૧ વચ્ચે ભારત માટે ૧૧ ટેસ્ટ રમી હતી. તેમણે ૧૯૫૯માં ઈંગ્લેન્ડ પ્રવાસમાં રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું. આ બેટ્સમેને ૧૯૫૨માં લીડ્સમાં ઈંગ્લેન્ડ વિરૂધ્ધ્ પદાર્પણ કર્યું અને તેમની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ ૧૯૬૧માં ચેન્નાઈમાં પાકિસ્તાન વિરૂધ્ધ્ હતી. ગાયકવાડે રણજી ટ્રોફીમાં ૧૯૪૭થી ૧૯૬૧ દરમ્યાન વડોદરાનું પ્રતિનિધિત્વ કર્યુ. તેમણે ૪૭.૫૬ની સરેરાશથી ૩૧૩૯ રન બનાવ્યા, જેમાં ૧૪ સદી સામેલ હતી. તેમનો હાઈએસ્ટ સ્કોર ૧૯૫૯-૬૦ સિઝનમાં મહારાષ્ટ્ર વિરૂધ્ધ અણનમ ૨૪૯ રન હતો. તે ૨૦૧૬માં ભારતના સૌથી મોટી ઉંમરના ટેસ્ટ ક્રિકેટર બન્યા હતા. તેમના પહેલા દીપક શોધનનું ૮૭ વર્ષની ઉંમરમાં અમદાવાદમાં નિધન થયું હતું. તેઓના પાર્થિવ શરીરને કીર્તિ મંદિર ખાતે કે જ્યાં ગાયકવાડ પરિવારના સભ્યોના અંતિમ સંસ્કાર કરવામાં આવે છે ત્યાં લઈ જવાયો હતો અને અંતિમક્રિયા કરવામાં આવી હતી. આ પ્રસંગે વડોદરાના પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર નયન મોંગિયા, અતુલ બેદાડે, જોકોબ માર્ટિન, ઈરફાન અને યુસુફ પઠાણના પિતા મેહમૂદખાન પઠાણ તેમજ બરોડા ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો અને પૂર્વ અને વર્તમાન ક્રિકેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતો ફરી વિરોધ પ્રદર્શન શા માટે કરી રહ્યા છે અને તેમની મુખ્ય માંગણીઓ શું છે ?

નવી દિલ્હી, તા.૧૬

હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશના ખેડૂતો પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) માટે કાનૂની ગેરંટી સહિતની તેમની માંગણીઓ સ્વીકારવા સરકાર ઉપર દબાણ લાવવા દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચાએ જાહેર કર્યું કે ખેડૂત યુનિયનના નેતાઓ વચ્ચેની બેઠક અને સરકારની મંત્રણામાં સર્વસંમતિ નિષ્ફળ ગયા પછી ખેડૂતો દિલ્હી તરફ આગળ વધી રહ્યા છે. ખેડૂતોની માગણીઓમાં લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી), સ્વામીનાથન કમિશનની ભલામણોનો અમલ, ખેડૂતો અને ખેત મજૂરો માટે પેન્શન, ખેત દેવાની માફી, પોલીસ કેસ પાછા ખેંચવા, જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩, વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાંથી ખસી જવું અને અગાઉના વિરોધથી મૃત ખેડૂતોના પરિવારોને વળતર, લખીમપુર ખીરી હિંસાનો ભોગ બનેલાઓને ન્યાય અને પુર્નઃ સ્થાપનનો સમાવેશ થાય છે. આ કૂચને રોકવા માટે હરિયાણાના સત્તાવાળાઓએ અંબાલા, જીંદ, ફતેહાબાદ, કુરૂક્ષેત્ર અને સિરસામાં પંજાબ સાથેની રાજ્યની સરહદો ઉપર કોંક્રિટ બ્લોક્સ, લોખંડની ખીલીઓ અને કાંટાળા તાર મૂક્યા છે. વધુમાં હરિયાણા સરકારે ૧૫ જિલ્લાઓમાં CrPCની કલમ ૧૪૪ લાગુ કરી છે, જેમાં પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા ઉપર પ્રતિબંધ છે અને ટ્રેક્ટર ટ્રોલીઓના પ્રદર્શન અથવા માર્ચ ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

**ખેડૂતોની મુખ્ય માંગણીઓ :**

● પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની ખાતરી આપતો કાયદો :- વિરોધ કરી રહેલા ખેડૂતોની મુખ્ય માંગણીઓમાંની એક એમએસપી છે જે તે કિંમત છે કે જેના ઉપર સરકાર ખેડૂતો પાસેથી પાક ખરીદે છે, તેમને તેમના ઉત્પાદન માટે ખાતરીપૂર્વકની આવક પૂરી પાડે છે. આ કિંમત ખેડૂતો માટે સલામતી તરીકે કામ કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે, તેઓ તેમના પાક માટે વાજબી ભાવ મેળવે છે, ખાસ કરીને બજારની વધઘટના સમયે અથવા જ્યારે બજાર કિંમતો MSP કરતા નીચે આવી જાય છે. સરકારની MSP ખાતરી એ એવી શરતોમાંની એક હતી કે જેના ઉપર ખેડૂત જૂથોએ ૨૦૨૦-૨૧માં દિલ્હીની સરહદો ઉપર આંદોલન કર્યું હતું.

**● લખીમપુર ખીરીમાં માર્યા ગયેલા ખેડૂતો માટે વળતર :-**

ખેડૂતો ૩ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ લખીમપુર ખીરીમાં થયેલી હિંસા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે, તેમાં વિરોધ કરી રહેલા ખેડૂતો એક વાહનની



અડફેટે આવીને મૃત્યુ પામ્યા હતા. આ કેસમાં મુખ્ય આરોપી તરીકે કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાની ઓળખ કરવામાં આવી છે.

**● કેસ પાછા ખેંચવા :-**

ખેડૂતો ૨૦૨૦- ૨૧માં લાંબા સમય સુધીના ખેડૂતોના આંદોલનમાં સામેલ વિરોધીઓ સામેના કેસ પાછા ખેંચવાની માંગ કરી રહ્યા છે.

**● જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ની પુર્નઃ સ્થાપના :-**

વિરોધ કરી રહેલા ખેડૂતો વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે વિવિધ સત્તાવાળાઓ દ્વારા સંપાદિત કરવામાં આવેલી જમીનનું વળતર માંગે છે. તેઓ તેમના પરિવારો માટે વિકસિત જમીનો ઉપર રહેણાંક પ્લોટના ૧૦ ટકા આરક્ષણની પણ હિમાયત કરી રહ્યા છે. ખેડૂતો દલીલ કરે છે કે, હાલના વળતર દરો ઓછા છે અને તેઓ દલીલ કરે છે કે, તેઓ નોઈડા ઓથોરિટી, ગ્રેટર નોઈડા ઓથોરિટી અને યમુના ઓથોરિટી જેવા સત્તાવાળાઓ પાસેથી જે વળતર મેળવે છે જે સામાન્ય રીતે કુલ સંપાદિત જમીનના પાંચથી ૭ ટકા સુધીની હોય છે તે અપૂરતું છે. નીચા દરે જમીન સંપાદનને કારણે તેઓને નાણાકીય નુકસાન થયું છે.

**● વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાંથી ખસી જવું :-**

ખેડૂતો વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાંથી ખસી જવાની સાથે સાથે તમામ વેપાર કરારો ફ્રીઝ કરવાની માંગ કરી રહ્યા છે. ખેડૂતોએ વિરોધ દરમ્યાન મૃત્યુ પામેલા લોકોના પરિવાર માટે સરકાર પાસેથી વળતરની પણ માંગ કરી છે, જેમાં પરિવારના એક સભ્યને નોકરી આપવાની માંગ કરવામાં આવી છે.

# ટ્રાફિક શિસ્ત જરૂરી છે પણ ઢંગધડા વગરની કરાતી દંડનીય કામગીરીનો કોઈ અર્થ નથી




અમદાવાદ તા.૧૬

કેટલાંક રેકોર્ડ ગૌરવપ્રદ હોય છે જ્યારે કેટલાક રેકોર્ડ કે વિક્રમ શરમજનક હોય છે જેમ કે જો તમે શિક્ષણ કે રમતગમત કે વિકાસ ક્ષેત્રે વિક્રમ સર્જો તો એ બદલ ગૌરવ અનુભવાય પરંતુ જો ખૂન, લૂંટ, બળાત્કાર, ભ્રષ્ટાચાર, મોંઘવારી જેવી બાબતોના આંકડામાં રેકોર્ડ બ્રેક વિક્રમ સર્જાય તો શરમથી ડૂબી મરવું પડે. આવા જ એક સમાચાર હમણા આવ્યા છે કે આપણું ગુજરાતનું તંત્ર પ્રજા પાસેથી ટ્રાફિકના ચલણ કે દંડ સ્વરૂપે ગત એક વર્ષમાં ૧૦૦ કરોડ રૂપિયા દંડ વસૂલી ચૂકયું છે. 'સો કરોડ દંડ'ની કલબમાં ગુજરાતનું સામેલ થયું એ ચોક્કસપણે ગૌરવની વાત નથી પરંતુ શરમજનક બાબત છે અને સૌથી ગંભીર બાબત તો એ છે કે આટલો અ..ધ...ધ.. જંગી દંડ ગુજરાતની પ્રજા પાસેથી વસૂલ્યા બાદ પણ ગુજરાતમાં ટ્રાફિકની સમસ્યા વધતી અને વકરતી જ જાય છે ત્યારે આ બાબત પ્રજા કરતા સરકાર માટે શરમજનક નથી ? તમે એવી તો કેવી શિક્ષાપદ્ધતિ અપનાવી છે કે સમસ્યા સુધરવાને બદલે વકરતી જાય છે ?! આમાં પ્રજાની નહી પણ પ્રશાસનની ખામી છે.

'માર્ગ સલામતી સપ્તાહ' કે 'ટ્રાફિક પખવાડિયું' વગેરે જેવા રૂપકડાં નામ હેઠળ રાજ્યની પોલીસ ટ્રાફિક નિયમનના દેખાડા સમયાંતરે કરતી રહે છે પરંતુ સરવાળે આ બધી કવાયતનું પરિણામ શું મળે છે ? તેનો જો હિસાબ કરવામાં આવે તો સરવૈયું ખોટમાં જ આવે કારણ કે ન તો ટ્રાફિકનું સારી રીતે નિયમન થાય છે કે ન તો સમસ્યા ઘટે છે ઉલ્ટાનું ટ્રાફિકની સમસ્યા તો અત્ર, તત્ર, સર્વત્ર વધતી જ જાય છે અને બીજું ચારેબાજુથી પિસાતી પ્રજા દંડની આકરી રકમની ચક્કીમાં પિસાય છે. અદાલતો ખાસ કરીને ગુજરાત હાઈકોર્ટે ઘણી વખત ટ્રાફિક પોલીસનો ઉધડો લઈ ચૂકી છે ત્યારે સુવિધાને બદલે આ પોલીસની કામગીરી કથળતી જાય છે અને જ્યારે નામદાર અદાલત કે બીજા કોઈ તંત્ર દ્વારા ટ્રાફિક પોલીસ ઉપર માછલાં ધોવાય તો હાસ્યાસ્પદ રીતે ધોકા લઈને ઠેર-ઠેર રસ્તાઓ ઉપર પોલીસના ધાડાં ઉતરી પડે અને પ્રજા ઉપર આડેધડ દંડરૂપી કોરડા વીંઝવા માંડે છે પરંતુ પોલીસને જાણે સરકારી રાહે દંડરૂપી ખંડણીની પરવાનગી અપાતી હોય એમ ટ્રાફિક પોલીસ પણ 'ટારગેટ' પૂરો કરવા નીકળી પડે છે. માત્ર એક વર્ષમાં જો ગુજરાતની પ્રજા પાસેથી ફકત ટ્રાફિકના ગુના સબબ પોલીસે ૧૦૦ કરોડ રૂપિયાનો અધધધ દંડ વસૂલ્યો હોય તો વિચારો કે સમસ્યા કેટલી વિકરાળ હશે ? આ તો માત્ર ટ્રાફિકના દંડની વાત થઈ પણ આવા તો કંઈ કેટલાયે અબજો રૂપિયા ગુજરાતની પ્રજા પાસેથી જુદા જુદા દંડના નામે પોલીસ ઉપરાંત કોર્પોરેશન, પંચાયત, પાલિકા સહિતના સંખ્યાબંધ વેરા વિભાગો 'સત્તાવાર રીતે' ઉસેડી જતાં હશે ? દંડ વસૂલવો પડે એવી સ્થિતિ જ તંત્રની નબળાઈ અથવા તો કામ કરવાની પદ્ધતિમાં ખામી દર્શાવી જાય છે ત્યારે પ્રજા પાસેથી દંડની રકમનો કરોડો કે અબજો રૂપિયાનો મોટો આંકડો જોઈને જો સરકારનું કોઈ તંત્ર હરખાતું હોય તો એને કોઈએ સમજાવવું જોઈએ કે પ્રજા પાસેથી આટલો મોટો દંડ વસૂલવો એ વાસ્તવમાં તો તંત્રની નબળી કામગીરી દર્શાવે છે. તમે એવું તો કેવું નિયમન કરો છો કે પ્રજાને આટલી મોટી સંખ્યામાં દંડાવું પડે છે ?એ વાત ચોક્કસ કે કાયદાના સરેઆમ ઉલ્લંઘનને સાંખી ન લેવાય અને તેના માટે દંડ કે સજા જરૂરી છે પણ એમાં જાણી જોઈને કરાતા રીઢા અપરાધ અને અજાણતામાં ગુનાઈત ઈરાદા વગર કરાતા અપરાધ જેવા ભેદ પણ હોય છે જ્યારે અહીં તો મોટા ભાગના પ્રજાજનોને તો એય ખબર નથી હોતી કે તેમનાથી કથિત અપરાધ થયો છે તેમને તો ઘરે દંડની રકમનું ફરફરિયું આવે ત્યારે ખબર પડે કે તેમનાથી કથિત ગુનો થઈ ગયો છે. ટ્રાફિક સિગ્નલ ભંગનો ગુનો કરો તો મેમો આવે એ બરાબર પરંતુ એ જ સિગ્નલ મન ફાવે ત્યારે બંધ હોય તો જવાબદાર તંત્ર સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી ? એ જ રીતે કોઈ માર્ગ ઉપર ઢોરની ઘાયલ થાય કે વાહનચાલક કે રાહદારીનો અકસ્માત થાય અને મૃત્યુ પામે તો સરકાર કે તેના તંત્રને કેમ દંડ કે સજા કરાતા નથી ? એ જ રીતે રાજ્યમાં ઠેર-ઠેર ખાડા ટેકરાવાળા માર્ગો છે અને તેના કારણે અકસ્માત કે ટ્રાફિકજામ કે પ્રજાના સમયનો ભયંકર બગાડ થાય છે તો આના માટે જે તે તંત્રને દંડ કે સજાની જોગવાઈ કેમ નથી ?? આવા તો અનેક પ્રશ્નો છે ત્યારે સરકારે કે તેના કોઈપણ તંત્રને પ્રજાને પીડનાર નહીં પણ પ્રજાને રાહત આપનાર વ્યવસ્થા તરીકે વર્તવું જોઈએ.

# ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે, મે મહિનામાં યોજાઈ શકે છે

## છેલ્લી લોકસભા ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૯માં યોજાઈ હતી

નવી દિલ્હી, તા.૧૬

હાલ દેશમાં લોકસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જો કે અત્યાર સુધી ભારતના ચૂંટણી પંચે (ECI) આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી પરંતુ શક્ય છે કે, ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે મે મહિનામાં યોજાઈ શકે છે. ચૂંટણી પંચ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહ અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર કરે તેવી અપેક્ષા છે. મહત્વનું છે કે, ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂન ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. છેલ્લી લોકસભા ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૯માં યોજાઈ હતી. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૩૦૩ સીટો જીતી હતી, જ્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૩૫૩ સીટો જીતી હતી અને નરેન્દ્ર મોદી બીજી વખત વડાપ્રધાન બન્યા હતા. એક ચર્ચા એવી પણ છે કે, અત્યાર સુધી ચૂંટણી પંચે ન તો ચૂંટણીની તારીખો અંગે કોઈ માહિતી આપી છે અને ન તો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે પરંતુ એવું માનવામાં આવે છે કે, ૨૦૨૪માં ૭ તબક્કામાં ચૂંટણી યોજાઈ શકે છે. ૨૦૧૯માં ચૂંટણી ૭ તબક્કામાં પૂર્ણ થઈ હતી. એવી ધારણા છે કે, ગત વખતની જેમ આ વખતે પણ એપ્રિલમાં મતદાન થઈ શકે છે અને મે મહિનામાં પરિણામ જાહેર થઈ શકે છે. આ તરફ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે વિપક્ષનું સ્વરૂપ બદલાયું છે. આ દરમ્યાન NDAમાં સામેલ કેટલાક પક્ષો આ વખતે NDA વિરૂદ્ધ ઊભા જોવા મળશે. આ સિવાય ૨૦૧૯માં અલગ-અલગ ચૂંટણી લડનાર રાજકીય પક્ષો ભાજપના વિજય રથને રોકવા માટે એકસાથે ચૂંટણી લડી શકે છે. વિપક્ષના INDIA ગઠબંધનમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી (AAP), દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સામેલ છે. જોકે આ પક્ષો વચ્ચે સીટની વહેંચણી પહેલા જ વિભાજનના અહેવાલો સામે આવી રહ્યા છે. વિપક્ષી એકતાના શિલ્પી ગણાતા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પહેલા જ NDAમાં સામેલ થઈ ગયા છે. તે જ સમયે બંગાળના સીએમ મમતા બેનર્જી તમામ સીટો ઉપર ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે જ્યારે આમ આદમી પાર્ટીએ પણ પંજાબની તમામ સીટો ઉપર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ભારતીય રાષ્ટ્રીય લોકશાહી સમાવિષ્ટ ગઠબંધન (INDIA ગઠબંધન) જે ભાજપની જીતને રોકવા માટે રચાયેલ છે, તેમાં કોંગ્રેસ, CPM, DMK, CPE, RJD, JMM, NCP (શરદ પવાર), શિવસેના (UBT), SP, આઝાદ. સમાજ પાર્ટી, CPI (ML), AUML, KMDK, MKK, MDMK, VCK, JKPD, PWP જેવા પક્ષોનો સમાવેશ થાય છે. બીજી તરફ, ભાજપ સિવાય ભાજપના નેતૃત્વ હેઠળના NDAમાં JDS, JDU, LJP, શિવસેના ( એકનાથ શિંદે ), NCP (અજિત પવાર), NPP, RLJP, HAM, AGP, નિષાદ પાર્ટી, MNF અને અકાલી દળનો સમાવેશ થાય છે.

# મહિલાએ સંતાનો પાસેથી ભીખ મંગાવીને ૭ સપ્તાહમાં અઢી લાખની કમાણી કરી

## મહિલા એક પ્લોટ, બે માળનું મકાન, મોટરસાઈકલ, ૨૦ હજાર રૂપિયાનો સ્માર્ટફોન અને રોકડની માલિક

ઈન્દોર, તા.૧૬

એક પ્લોટ, બે માળનું મકાન, મોટરસાઈકલ, ૨૦ હજાર રૂપિયાનો સ્માર્ટફોન અને ફક્ત છ અઠવાડિયામાં અઢી લાખ રૂપિયા કમાણી. આ કોઈ નોકરિયાત વર્ગની સંપત્તિ નથી પરંતુ એક ભીખારણની છે, જે તેણે પોતાના સંતાનો પાસે ભીખ મંગાવીને ઊભી કરી છે. ઈન્દોર પોલીસે હાલમાં જ આ મહિલાને કસ્ટડીમાં લીધી છે. ઈન્દ્રા બાઈ નામની આ મહિલાને હાલ રિમાન્ડ ઉપર જેલમાં મોકલી દેવાઈ છે. ઈન્દ્રાબાઈ પોતાની દીકરી પાસે પણ બળજબરીપૂર્વક ભીખ મંગાવતી હતી. ત્યારે તેની આ દીકરીને એક એનજીઓખાતે મોકલી દેવામાં આવી છે.આ મહિલાએ ભીખ માંગીને આટલી મોટી રકમ ઊભી કરી છે તે જાણીને પોલીસ અને જિલ્લાના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. સંસ્થા પ્રવેશ નામના એનજીઓના સ્વયંસેવકો સાથે દલીલ કરતાં ઈન્દ્રા બાઈએ કહ્યું, ભૂખે મરવા કરતાં અમે ભીખ માંગવાનું પસંદ કર્યું. ચોરી કરતાં તો ભીખ માંગવી સારી જ છે. સંસ્થા પ્રવેશ નામના એનજીઓએ જ ઈન્દ્રા બાઈ અને તેની દીકરીને ભીખ માંગતા પકડ્યા હતા. સંસ્થા પ્રવેશ એનજીઓ ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન (આઈએમસી) સાથે મળીને ભીખારીઓનું રેસ્કયુ અને પુર્નવસનનું કામ કરે છે. તેમણે ઈન્દોરના ૩૮ મોટા ચાર રસ્તા ઉપર ભીખ માંગતા ૭ હજાર જેટલા ભીખારીઓનો ડેટા એકત્ર કર્યો હતો, જેમાંથી ૫૦ ટકા જેટલા બાળકો છે. અંદાજિત આંકડા પ્રમાણે આ ભીખારીઓ વાર્ષિક ૨૦ કરોડ રૂપિયાથી પણ વધુ કમાણી કરે છે.

# અલ નીનો નબળું પડી રહ્યું છે, તેથી આ વર્ષે ચોમાસું સારૂં રહેશે

નવી દિલ્હી, તા.૧૬

ગુજરાતમાં ગરમી હજી આવી નથી, પરંતુ જ્યારે પણ આવશે ત્યારે ભુક્કા બોલાવશે. ગુજરાતમાં ભીષણ ગરમી તોબા પોકારે છે. એપ્રિલ મહિનો આવે ત્યાં જ લોકો વરસાદ ક્યારે આવશે તેવું પૂછવા લાગે છે. ત્યારે ૨૦૨૪ની વરસાદની આગાહી પણ આવી ગઈ છે. આ વર્ષે ચોમાસું સારૂં જશે તેવી હવામાન શાસ્ત્રીઓ આગાહી કરી રહ્યાં છે. દેશની બે હવામાન એજન્સીઓએ જણાવ્યું કે, અલ નીનો નબળુ પડી રહ્યું છે, તેથી આ વર્ષે ચોમાસું સારૂં રહેશે. એજન્સીએ આગાહી કરી કે, પેસિફિક મહાસાગરની ગરમીને કારણે અલ-નીનો નબળુ પડી રહ્યું છે. ઓગસ્ટ સુધીમાં લા-નીનોની સ્થિતિ રહેશે. જુન-ઓગસ્ટથી લા નીનોની સ્થિતિ બને એટલે સમજવાનું કે આ વર્ષે ચોમાસું સારૂં રહેશે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૂર્વ સચિવ માધવન રાજીવનું કહેવું છે કે, જુન-જુલાઈ સુધીમાં લા નીનોની સ્થિતિ પેદા થશે, આ વર્ષે જો અલનીનો ન્યૂટ્રલમાં બદલાઈ જશે તો પણ ચોમાસું સારૂં જશે. આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં સારૂં ચોમાસું જાય તેવી સંભાવના તેઓએ વ્યક્ત કરી છે. અમેરિકાની નેશનલ ઓસનિક એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનએ ગયા અઠવાડિયે જણાવ્યું કે, એપ્રિલ-જૂન સુધીમાં અલ-નીનો ENSO-ન્યુટ્રલમાં બદલાવાની ૭૯ ટકા સંભાવના છે. વધુમાં, જૂન-ઓગસ્ટ સુધીમાં લા નીનાના વિકાસની ૫૫% ૧ શક્યતા છે. યુરોપિયન યુનિયનની કોપરનિકસ ૫ ક્લાઈમેટ ચેન્જ સર્વિસે પણ અલ- નીનોના નબળા પડવાની પુષ્ટિ કરી છે.

# જૂનાગઢમાં પાટીદાર સમાજનાં કર્મયોગીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો

## લેઉવા-કડવા પટેલ સમાજનાં સરકારી કર્મચારી દ્વારા જાગૃતિ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો






જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ, પોરબંદર અને ગિર સોમનાથ જિલ્લામાં સરકારી, અર્ધસરકારી, સહકારી, નોકરી કરતા પાટીદાર સમાજનાં સેવાકર્મીઓ દ્વારા સમાજસેવાનાં ભાવ સાથે સંગઠીત શ્રી કર્મયોગી પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમ ફળદુવાડી ખાતે યોજાયો હતો. કાર્યક્રમને મહાનુભાવોએ દિપપ્રાગટ્યથી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે સરકારી સેવામાં નવનિયુક્ત સેવાકર્મીઓને બીરદાવી સન્માનિત કરાયા હતા.

શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ અને ઊમાં ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશનનાં હોદેદારોએ જૂનાગઢ જિલ્લામાં લોકસેવાનાં કાર્યને વરીને સેવારત મહાનુભાવોનું સન્માન કર્યુ હતું. આ પ્રસંગે કાર્યક્રમનાં અધ્યક્ષ અને સેવાનિવૃત સનદી અધિકારી સી.જે.પટેલે જણાવ્યુ હતુ કે જીવનમાં શિક્ષણ ખુબ મહત્વનું છે. પ્રત્યેક વ્યક્તિમાં ઉંચી ઉડાનની ક્ષમતા હોય જ છે. માત્ર મક્કમ મનોબળ અને સરદાર વલ્લભભાઇ પટેલનાં જીવનપથને અનુસરવાની જરૂર છે. આજે વિશ્વ બુધ્ધિના માપદંડો પર વિકાસ સાધી રહ્યો છે. ત્યારે આપણાં સુસંસ્કૃત અને સંસ્કારી ભારતવર્ષનાં યુવાધન પોતાની બુધ્ધી ક્ષમતાથી વિશ્વને પોતાની કાબેલીયત પુરવાર કરવા સક્ષમતા ધરાવે છે.ત્યારે બૃહદ જૂનાગઢ જિલ્લાનાં ક્ષેત્રી ફલકમાં વિવિધ પ્રકલ્પોમાં સેવારત કર્મયોગીઓ દ્વારા આજે એક છત્ર તળે એકત્રીત થઈ લોકસેવાનાં વિચારો સાર્થક કરવા જે પ્રયાણ થયુ છે તે આવકાર દાયક છે. કાર્યક્રમનાં ઉદઘાટક જિલ્લા પંચાયતનાં પ્રમુખ હરેશભાઇ ઠુમરે જણાવ્યુ હતુ કે સમાજ કે રાષ્ટ્રજીવનનું કોઈપણ અંગ હોય સંગઠનમાં જ શક્તિ છે. સંગઠન એ બધી શક્તિઓનું મૂળ છે. દરેક વર્ગમાં એકતા વિના દેશ કદી પ્રગતિ કરી શકતો નથી. એકતામાં મહાન શક્તિ છે.

એકતાનાં બળ ઉપર મજબુત શત્રુને પણ પરાજીત કરી શકાય છે. સમાજનાં તમામ ઘટકોમાં જૂદાજૂદા મંતવ્યો અને વિવિધ માન્યતાઓ હોવા છતાં પરસ્પર પ્રેમ, એકતા, અને ભાઈચારો જાળવવો એ એકતાનો અર્થ છે. એકતામાં માત્ર શારિરીક નિકટતા મહત્વપુર્ણ નથી, પરંતુ તે માટે બૌધ્ધિક, વૈચારિક અને ભાવાત્મક નિકટતાની જરૂર છે. જે નિકટતા આજે કર્મયોગીનાં નેજા તળે પાટીદાર સમાજનાં કર્મચારીઓ કરી રહ્યા છે.

જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જૂનાગઢ-ગિર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં સેવારત કર્મચારીઓ દ્વારા સંગઠીત કર્મયોગી સંમેલનમાં ઉપસ્થિત ભાઈ બહેનોને સંબોધતા જણાવ્યુ હતુ કે આજે શિક્ષણનું મહત્વ લોકોને સમજાયુ છે. દિકરા-દિકરીઓ ઉચ્ચત્તમ શિક્ષણ હાંસલ કરી કારકિર્દીનાં સોપાન સર કરવા સક્ષમ બની રહ્યા છે. ત્યારે વ્યસન અને ફેશન પાછળ થતા અઢળક ખર્ચને નિવારવા પણ જરૂરી છે, તે દિશામાં લોકજાગૃતિ કેળવવા પર ભાર મુક્યો હતો. કર્મયોગીઓને જ્યારે આવશ્યકતા જણાય ત્યારે તેમની સાથે લોકહીત કાજ કાર્ય કરવા સહયોગી બનવા ખાત્રી આપી હતી. કાર્યક્રમનાં પ્રારંભે શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળનાં પ્રમુખ હરેશભાઈ વઘાસિયા અને ઊમા ફ્રેન્ડ ઓર્ગેનાઈઝેશનનાં પ્રમુખ મુકુંદભાઈ હિરપરા અને અંકુર લાડાણીએ કર્મયોગી સંગઠનની રચના અને પ્રવૃતિની વિગતો આપતા જણાવ્યુ હતુ કે દરેક જીવ પોતાનાં માટે તો જીવે જ છે, પરંતુ બીજા માટે કશુક કરી છુટવાની વાત તો માનવજીવ જ કરી શકે છે. કર્મયોગી દ્વારા જ્ઞાતિ-સમાજનાં વાડાઓથી ઉપર ઉઠીને સર્વજન હિતાય- સર્વજન સુખાયની ઉદાત ભાવના સાથે કાર્ય કરવા નેમ સાથે પ્રયાણ છે. ગરીબ પરિવારનાં તેજસ્વી છાત્રોને ઉચ્ચ અભ્યાસ માટે સહાયની વાત હોય, કે પછી કુદરત આધારીત પ્રકોપ સમયે રાહત અને મદદની કામગીરી હોય આમ કર્મચારીઓ સદૈવ પોતાથી થાય તેટલુ સમાજહિતમાં પોતાની ફરજ ઉપરાંત યોગદાન જોડી રહ્યા છે. ગરીબ પરીવારને બિમારી સમયે રક્તની જરુરત હોય કે થેલેસેમિયા ગ્રસ્ત બાળકને લોહીની ખપત હોય આવા સમયે પાટીદાર સમાજનાં યુવાનો સહાયતા કરી રહ્યા છે. આજે જૂનાગઢ, પોરબંદર અને ગીરસોમનાથ જિલ્લામાં ફરજ બજાવતા અને સેવાનિવૃત કર્મયોગીઓનું સહપરીવાર સ્નેહમિલન લોકસેવા માટે અસરકાર અને અસરદાર પુરવાર થશે. આ તકે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી જે.કે.ઠેશીયા, કૃષિ યુનિ.નાં કુલપતિ ડો. વિઠ્ઠલભાઈ ચોવટીયા, અગ્રણી ઠાકરશીભાઈ જાવીયા, નિલેશભાઈ ધુલેશીયા, ઘનશ્યામભાઈ બોરડ, જેન્તીભાઈ વઘાસિયા, નયનાબેન, ધનજીભાઈ ઠુમર, સરદારધામ યુવા તેજ કન્વીનર પ્રકાશ ભંગડીયા અને કપિલભાઈ સુદાણી, ભેંસાણ પાટીદાર કર્મચારી મંડળનાં મિતેષ માથુકીયા, કિશોર સેલડીયા, સહિત જૂનાગઢ , ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લા નાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળસંચાલન પ્રા. વાવૈયાએ અને આભાર દર્શન હરેશ વઘાસિયાએ સંભાળ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા પાટીદાર કર્મયોગી મંડળનાં હોદેદારોએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા 'ગાવ ચલો અભિયાન' ઉત્સાહભેર યોજાયો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકારે વિશ્વમાં ભારતનું ગૌરવ વધારવા વિકાસના તમામ આયામો ઉપર અજોડ કાર્ય કર્યુ છે.

ભારતની સામાન્ય પ્રજાથી માંડી તમામ વર્ગનો વિશ્વાસ કેળવી ભારતીય જનતા પાર્ટીએ વિકાસના પથ પ્રત્યેનો ઉત્કૃષ્ટ દૃષ્ટિકોણ દ્વારા પ્રજાલક્ષી વિકાસના કામો, ખેડૂત ઉત્કર્ષ, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, દેશની આંતરિક તેમજ બાહ્ય સુરક્ષા અને સાંસ્કૃતિક ઉત્થાન જેવા કેન્દ્ર સરકાર દ્વારા થયેલ કાર્યોની માહિતી દરેક વર્ગના નાનામાં નાના પ્રજાજન સુધી પહોચે તે અંતર્ગત"ગાવ ચલો અભિયાન" મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ પ્રદેશના નેતૃત્વ હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી તેમજ "ગાવ ચલો અભિયાન"ના ઈન્ચાર્જ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના માર્ગદર્શન હેઠળ "ગાવ ચલો અભિયાન"ના સહ-ઈન્ચાર્જ રાજેન્દ્રભાઈ ધારૈયા, વલ્લભભાઈ ઝાપડિયા દ્વારા તા.૧૦ ફેબ્રુઆરીના રોજ રાજકોટ જીલ્લાના ૫૮૯ ગામડાઓમાં વિસ્તારકો "ગાવ ચલો અભિયાન" અંતર્ગત ગામડાઓમાં ૨૪ કલાક ૧ દિવસ અને ૧ રાત્રી રોકાણ કરી અને સરકારશ્રીની વિવિધ પ્રજાલક્ષી કામગીરીઓની તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી અને માર્ગદર્શન આપી પ્રજામાં જાગૃતતા લાવી હતી.

"ગાવ ચલો અભિયાન" અંતર્ગત તા.૧૦-૧૧ ફેબ્રુઆરીના રોજ પ્રવાસમાં ગયેલ મુખ્ય આગેવાનો જેમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા-કમળાપુર, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ-જેતલસર(ગામ), જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા-જામવાડી, કેબીનેટમંત્રી કુંવરજીભાઈ બાવળીયા-રાજાવડલા(જસ), કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા-લોધિકા, સાંસદ મોહનભાઈ કુંડારીયા ટંકારા, ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા-બોરીયા, ધારાસભ્ય ગીતાબા જે.જાડેજા-ત્રાકુડા, ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા-મોટીપાનેલી, જીલ્લામહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા-ભાયાસર, જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભા-કડુકા, જીલ્લા મહામંત્રી રવિભાઈ માંકડિયા-ઉપલેટા, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી-કાગદડી, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર-સુલતાનપુર, જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રવીણકુમાર કયાડા-થાણાગાલોળ, જીલ્લા પંચાયત પક્ષના નેતા સવિતાબેન ભરતભાઈ ગોહેલ-બેડલા, પ્રદેશ કારોબારી સભ્ય દિનેશભાઈ અમૃતિયા-ઉપલેટા તેમજ જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના હોદેદારો, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના ચુંટાયેલા સભ્યો, મંડલના હોદેદારો, મંડલ મોરચાના હોદેદારો, સહકારી ક્ષેત્રના આગેવાનો, સીનીયર આગેવાનો સહીતના કાર્યકર્તાઓ ગાવ ચલો અભિયાન અંતર્ગત રાજકોટ જીલ્લાના ગામોમાં વિસ્તારક તરીકે જઈ અને પ્રજામાં સરકારશ્રીની યોજનાઓ અંગે માહિતગાર કરી જાગૃતતા લાવી હતી તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવેલ છે.

# પ્રભાસપાટણની કન્યા શાળામાં સ્પોર્ટ્સ ડે અંતર્ગત જુદી જુદી જુદી રમતો રમાડવામાં આવી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૬

પ્રભાસ પાટણ કન્યાશાળા ખાતે સ્પોર્ટ્સ ડે અંતર્ગત વિવિધ રમતો રમાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૩ થી ૮ માં અભ્યાસ કરતા ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમતોમાં ૧૦૦ મીટર દોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, ત્રિપગી દોડ, પાટી બોલ દોડ, રસ્સી ખેંચ, કબડ્ડી, ખોખો અને ક્રિકેટ રમાડવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રમતો રમ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષક કેતનભાઈ જોગી, જસ્મિનભાઈ મુરબિયા, અપેક્ષાબેન મેર, મીનાક્ષીબેન વાળા, હીનાબેન ધોકીયા, ક્રિષ્નાબેન રૂધાણી, ગીતાબેન ચાવડા, જીજ્ઞાશાબેન જાદવ, શુકદેવ વ્યાસ, બંસીનાથજી, દીપકભાઈ ઝણકાટ, કલ્પેશભાઈ ડોડીયા, હાર્દિકભાઈ રાજપોપટ તથા દીપકભાઈ નિમાવતએ બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહેનત કરી હતી.

# વેરાવળ શહેર અને દર્શન સ્કુલનું ગૌરવ વધારતો તબીબ પુત્ર યુગ સિરોદરીયા

## વિદ્યાર્થીએ JEE MAINS Exam ૨૦૨૪ માં ૯૯.૩૪ પીઆર મેળવ્યા




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૬

વેરાવળની દર્શન સાયન્સ સ્કુલ (અંગ્રેજી માધ્યમ)માં અભ્યાસ કરતો તબીબ પુત્ર યુગ બીરજુભાઈ સિરોદરીયાએ હાલમાં લેવાયેલ JEE MAINS Exam ૨૦૨૪ માં ૯૯.૩૪ પી.આર. મેળવી દર્શન સ્કુલ તથા સમગ્ર ગીર સોમનાથ પંથકનું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થી યુગ સીરોદરીયાના પિતા ડો.બીરજુભાઈ અને મમ્મી ડો.એકતાબેન બંન્ને વેરાવળના ખ્યાતનામ તબીબ છે. યુગએ કરેલ આયોજન પૂર્વકની મહેનત થકી સફળતા મેળવેલ હોય આગળ આઈ.આઈ.ટી. માં B.Tech સાથે એન્જીન્યરીંગ ક્ષેત્રે ઉચ્ચ કારકિર્દી બનાવવાની ઈચ્છા ધરાવે છે. આ સિદ્ધી માટે શાળા સંસ્થાના પ્રમુખ ભુપેન્દ્રભાઈ વિઠ્ઠલાણી સહીતના સ્ટાફે સહયોગ આપેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# ભુતપુર્વ રણજી ટ્રોફી પ્લેયર રામભાઈ ઓડેદરાનું દુ:ખદ અવસાન : શોકની લાગણી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૬

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ભૂતપૂર્વ રણજી ટ્રોફી પ્લેયર રામભાઈ ઓડેદરાના દુ:ખદ અવસાનથી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનમાં દુ:ખની લાગણી અનુભવી છે. તેઓ આજે સવારે પોરબંદર ખાતે સ્વર્ગસ્થ ધામ જવા રવાના થયા હતા. તેમણે ૧૯૭૨-૭૩ થી ૧૯૭૬-૭૭ દરમ્યાન ૧૬ રણજી ટ્રોફી મેચોમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ જમણા હાથનો મધ્યમ ઝડપી બોલર હતા. તેઓ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સભ્ય હતા અને તેમણે પસંદગીકાર, ટીમ મેનેજર, કોચ વગેરે તરીકે ઘણી જુદી જુદી ભૂમિકાઓમાં રમતની સેવા આપી હતી. તેમની નીચે ઘણા રણજી ટ્રોફી ક્રિકેટરોને તાલીમ આપવામાં આવી હતી. તેમણે પોરબંદર ખાતે ક્રિકેટ ગ્રાઉન્ડ તૈયાર કરવા અને જાળવણી માટે પણ તેમની સેવાઓ આપી હતી. તેની પાસે રમતનું ઊંડાણ પૂર્વકનું જ્ઞાન અને જુસ્સો હતો અને તેણે રમતના હિતમાં પણ સારૂં યોગદાન આપ્યું હતું.

નિરંજનભાઈ શાહ, પૂર્વ બીસીસીઆઈના સેક્રેટરીએ કહ્યું, "તે ખરેખર દુ:ખદ છે કે રામભાઈ હવે અમારી વચ્ચે નથી. તે એક પ્રિય મિત્ર અને મહાન વ્યક્તિ હતા. ક્રિકેટ માટે તેમનો જુસ્સો અને યોગદાન હંમેશા યાદ રહેશે. જયદેવ શાહ, પ્રેસિડેન્ટ, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન વ્યક્ત કરે છે કે, "રામ સરે ઘણી જુદી જુદી ભૂમિકાઓમાં રમત માટે યોગદાન આપ્યું છે. જ્યારે હું રમી રહ્યો હતો ત્યારે મને સૌરાષ્ટ્રની વરિષ્ઠ ટીમોના મૂલ્યવાન મેનેજર તરીકેની તેમની ભૂમિકા યાદ છે. તેઓ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના મહાન સમર્થક હતા. અમે તેને હંમેશ માટે યાદ કરીશું." સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના દરેક લોકો રામભાઈના પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરે છે અને તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી હતી.

# ભારતે પ્રથમ દાવમાં ૮૬ ઓવરમાં પાંચ વિકેટો ગુમાવીને ૩૬૨ રન બનાવ્યા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૬

ભારતે ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યુ હતું. ભારતે પ્રથમ દાવમાં ૮૬ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૩૨૬ રન બનાવ્યા હતા. ગઈકાલે પ્રથમ દિવસે રોહિત શર્માએ ૧૯૬ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૩૧ રન બનાવ્યા હતા. રોહિતની આ ૧૧ મી ટેસ્ટ સદી છે. રવિન્દ્ર જાડેજાએ ૨૧૨ બોલમાં ૧૫ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૧૧૦ રન બનાવ્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં રવિન્દ્રની આ ચોથી સદી છે. અને તેણે ટેસ્ટ ક્રિકેટમાં ૩૦૦૦ રનનો માઈલસ્ટોન પાર કર્યો. નવોદિત સરફરાઝ ખાને ૬૬ બોલમાં ૯ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૬૨ રન બનાવ્યા હતા તે પહેલા તે રનઆઉટ થયો હતો સરફરાઝ ખાન અને ધ્રુવ જુરેલે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યુ કર્યુ હતું. માર્ક વૂડે ૧૭ ઓવરમાં ૨ મેડન્સ સાથે ૬૯ રન આપીને ૩ વિકેટ લીધી હતી.

પ્રથમ દિવસે સ્ટમ્પ્સ પર, ભારતનો પ્રથમ દાવ ૫ વિકેટે ૩૨૬ રન છે જેમાં રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવ ૧૧૦ અને ૧ રને નોટઆઉટ છે.

ભારતીય ટીમ જોઈએ તો રોહિત શર્મા - કેપ્ટન, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ - વિકેટ કીપર, રવિચંદ્રન અશ્વિન, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજનો સમાવેશ થાય છે.

ઈંગ્લેન્ડની ટીમમાં બેન સ્ટોક્સ - કેપ્ટન, ઝેક ક્રોલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, જોની બેરસ્ટો, બેન ફોક્સ, રેહાન અહેમદ, ટોમ હાર્ટલી, માર્ક વુડ, જેમ્સ એન્ડરસનનો સમાવેશ થાય છે.

# માંગરોળમાં રીક્ષા અથડાતા અને બોલાચાલી બાદ ફરસાણની દુકાન ધરાવતા બે ભાઈઓને ત્રણ શખ્સોએ મારમાર્યો





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૬

માંગરોળમાં ફોર વ્હીલમાં રીક્ષા અથડાતા ઠપકો આપતાં, બોલાચાલી બાદ ત્રણ શખ્સોએ ફરસાણની દુકાન ધરાવતા બે ભાઈઓને ઢોર માર મારતાં બંનેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવને પગલે બસ સ્ટેન્ડ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે કેટલાક સમયથી ચાલતા રીક્ષા સ્ટેન્ડના વિવાદ વચ્ચે અહીં ફરસાણની દુકાન ધરાવતા અશ્વિનભાઈ પીઠાભાઈ કરગઠીયાએ પોતાની ફોર વ્હીલ **(GJ 11 CD 4201)** દુકાન બહાર રાખી હતી. તે સમયે એક રીક્ષા ચાલકે પોતાની રીક્ષા **(GJ 08 AT 6416)** પાર્ક કરવા પાછળ લેતા કારમાં અથડાઈ હતી. જે અંગે રીક્ષા ચાલકને ધ્યાનથી ચલાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી અને રીક્ષા ચાલક ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો બોલવા લાગ્યો હતો. દરમ્યાન આ સમયે આમદ અલી ઉકરડા અને અન્ય એક અજાણ્યો શખ્સ પણ ત્યાં આવી ગાળો બોલવા લાગ્યા હતા. ત્રણેય ઉશ્કેરાઈ જઈ વેપારીને ઢોર માર મારવા લાગ્યા હતા. વેપારી યુવાનનો નાનો ભાઈ મિલનદ વચ્ચે પડતાં તેને પણ માર મારવા લાગ્યા હતા. ત્યારબાદ રીક્ષા ચાલક પોતાની રીક્ષામાંથી પાના જેવું કાંઈક લાવી બંને ભાઈઓને આડેધડ મારવા લાગ્યો હતો. જેમાં બંને ભાઈઓને આંખ પાસે ઈજા થતાં લોહી નીકળવા માંડ્યું હતું. દરમ્યાન આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. 'હવે પછી અમને કાંઈ કહ્યું તો જીવતા નહીં રહેવા દઈએ' તેવી ધમકી આપી આ શખ્સો ચાલ્યા ગયા હતા. બંને ભાઈઓને સરકારી હોસ્પિટલે સારવાર આપવામાં આવી હતી. બનાવ અંગે વેપારીએ ત્રણ શખ્સો વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાના હોટલ એસોસિએશનના હોદ્દેદારોની બિન હરીફ વરણીઃ પ્રમુખ તરીકે ઈશ્વરભાઈ પરમાર



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬

દેવભૂમિ દ્વારકામાં હાલ અસ્તિત્વમાં રહેલા "દ્વારકા હોટેલ એસોસિયેશન"ના હોદ્દેદારો, સદસ્યોની એક મિટિંગ તાજેતરમાં હોટેલ લેમન ટ્રી ખાતે યોજાઈ હતી. જેમાં આગામી વર્ષ માટેના નવા હોદ્દેદારોની બિનહરીફ રીતે વરણી કરવામાં આવી હતી.

દ્વારકા હોટલ એસોસિએશન કે જેમાં આ વિસ્તારની વિવિધ નાની-મોટી હોટલો, ગેસ્ટ હાઉસ તેમજ ધર્મશાળા મળી ૨૦૦ જેટલા એકમના સંચાલકો તેમાં સભ્ય તરીકે જોડાયેલા છે. ત્યારે આ એસોસિએશનના પ્રમુખ તરીકે અગ્રણી ઉદ્યોગપતિ અને સેવાભાવી કાર્યકર નિર્મલભાઈ સામાણી પ્રમુખ તરીકે કાર્યરત હતા. છેલ્લા આશરે સાત વર્ષથી તેમની પ્રમુખ તરીકેની અવિરત સેવાઓ વચ્ચે બુધવારે લેમન ટ્રી હોટલ ખાતે એસોસિએશનના સભ્યોની ખાસ મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં એસોસિએશનના પ્રમુખ નિર્મલભાઈ સામાણીના અધ્યક્ષ સ્થાને અગ્રણી રમણભાઈ સામાણી, ઈશ્વરભાઈ ઝાખરીયા, ભરતભાઈ સોલંકી પરેશભાઈ ઝાખરીયા સહિતના આગેવાનો હોદ્દેદારો તેમજ હોટેલ સંચાલકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દ્વારકા હોટેલ એસોસિએશનમાં આગામી પ્રમુખ તરીકે ધ દ્વારિકા હોટલના સંચાલક ઈશ્વરભાઈ પરમાર, ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઈ ઘઘડા, તેમજ સેક્રેટરી તરીકે લોર્ડ્ઝ હોટલ વાળા રવિ ચંદુભાઈ બારાઈની સર્વાનુમતે બિનહરીફ રીતે વરણી કરવામાં આવી છે.

નવનિયુક્ત હોદ્દેદારોને ઉપસ્થિત સૌ કોઈએ આવકારી, અને શુભકામનાઓ પાઠવી હતી. આગામી સમયમાં સંસ્થાના પ્રશ્નો તેમજ અન્ય બાબતે સૌને વિશ્વાસમાં લઈને કામગીરી કરવામાં આવશે તેવી નવનિયુક્ત હોદ્દેદારોએ ઉપસ્થિતોને ખાતરી આપી આભાર વ્યક્ત કર્યો હતો.

# દ્વારકામાં અનોખી સેવા પ્રવૃત્તિઃ જન્મદિવસ નિમિત્તે ૧૫૦ જેટલા ઓપરેશન વિનામૂલ્યે કરાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬



દેવભૂમિ દ્વારકામાં આવેલી વ્રજ હોસ્પિટલ સેવાભાવી અને લોકપ્રિય ડો. સાગર કાનાણીએ વધુ એક સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે તેમના સુપુત્રના જન્મદિવસ નિમિત્તે આ વિસ્તારના દર્દીઓને વિના મૂલ્યે માઈનોર ઓપરેશન કરી આપ્યા હતા.ડો. સાગર કાનાણીના પુત્ર શ્રેષ્ઠના ગઈકાલે ગુરુવારે જન્મદિવસની અનોખી ઉજવણીના ભાગરૂપે દર્દીઓના માઈનોર ઓપરેશન નિઃશુલ્ક કરી આપવાના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડોક્ટર સાગર કાનાણીએ ગત વર્ષે પણ તેમના પુત્ર શ્રેષ્ઠના જન્મદિવસ નિમિત્તે પોતાની વ્રજ હોસ્પિટલમાં અનેક દર્દીઓના માઈનોર ઓપરેશન વિના મૂલ્યે કરી આપ્યા હતા. આ પરંપરાને આગળ ધપાવી, આ વર્ષે પણ શ્રેષ્ઠના બર્થ ડે ની વિશિષ્ટ ઉજવણી કરવા વ્રજ હોસ્પિટલ ખાતે ગુરુવારે માઈનોર ઓપરેશનનો ફ્રી મેગા કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં દ્વારકા તેમજ આસપાસના વિસ્તારોના લોકોએ આ મેગા કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. દિવસ દરમિયાન તેમણે આ કેમ્પમાં ૧૫૦ જેટલા માઈનોર ઓપરેશન કરી આપ્યા હતા. આટલું જ નહીં, આ તમામ દર્દીઓને પાંચ દિવસની દવા પણ વિના મૂલ્યે આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાની બીજી લહેરના સમયથી એટલે કે આશરે છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી ડો. સાગર કાનાણી તેમની વ્રજ હોસ્પિટલ ખાતે અવિરત રીતે નિઃશુલ્ક નિદાન યજ્ઞ જારી રાખ્યો છે. તેમના દ્વારા દર્દીઓને તપાસવાના (નિદાનના) કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ લેવામાં આવતી નથી. જેનો લગભગ એક લાખ કરતા વધારે દર્દીઓએ લાભ લીધેલ છે. ડો. સાગર કાનાણીની આ પ્રકારની અવિરત રીતે ચાલતી સેવા પ્રવૃત્તિ પ્રેરણારૂપ બની રહી છે.

# દ્વારકામાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમને લઈને હોટલ એસોસિએશન સાથે જિલ્લા પોલીસ વડાની બેઠક યોજાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ દ્વારકા અને બેટ દ્વારકાની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે સુરક્ષાની બાબતે હોટલ લેમન ટ્રીના હોલમાં કાયદો અને સુરક્ષા તથા વ્યવસ્થાના ભાગરૂપે ખાસ બેઠક હોટલ એસોસિએશનના પ્રમુખ નિર્મલ સામાણીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.

જેમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા વિભાગીય અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, એલસીબીના પી.એસ.આઈ. આકાશ બારસખીયા, એસ.ઓ.જી.ના પી.આઈ. સિંગરખીયા અને દ્વારકાના પી.આઈ. પટેલ સહિતના અધિકારીઓ તથા હોટલ એસોસિયેશનના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયએ હોટલ એસોસિએશનને જરૂરી સૂચના આપતા જણાવ્યું હતું કે હોટલના બુકિંગ દરમિયાન આવતા પ્રવાસીઓ પાસેથી જરૂરી દસ્તાવેજો મેળવીને જ તેમને રૂમમાં ઉતારો આપવો.

પોલીસ વિભાગને પ્રવાસીઓની તમામ માહિતી રોજિંદા પથિક સોફ્ટવેરમાં મોકલી આપવી. જરૂર જણાય એવી શંકાસ્પદ બાબતો ઉપર પૂરતું ધ્યાન રાખવું. અહીં આવતા પ્રવાસીઓને હોટલ સુધી પહોંચવા માટે જરૂર જણાય તો હોટલ માલિકોએ શહેર તથા હાઈવે ઉપરથી લઈ જવા માટેની વ્યવસ્થાનું મોનિટરિંગ પણ કરવું. સાથે સાથે હોટલ બિલ્ડીંગમાં થતી હલચલ ઉપર સુવ્યવસ્થિત રીતે ધ્યાન આપવું.

આમ, અનેકવિધ જરૂરી સુચનાઓ પોલીસ અધિક્ષક દ્વારા આપવામાં આવતા હોટલ એસોસિએશનને આ સૂચનાનો અમલ કરવા ખાત્રી આપી હતી.

# ગીરગઢડા તાલુકા સસ્ત કોળી સમાજ દ્વારા બીજો સમુહલગ્નોત્સવ યોજાશે

ઉના તા. ૧૬

ઊના પંથકમાં સૌ પ્રથમવાર કોળી સમાજમાં સમુહલગ્ન કરવાની પ્રેરણા આપનાર, સમાજમાં કુરિવાજો નાબૂદ કરવા, લગ્નમાં ખોટા ખર્ચા રોકવા અને ગુજરાતમાં કોળી સેનાના સ્થાપક અને ગુજરાત સરકારના મંત્રી પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને ઊના ગીરગઢડા તાલુકા સમસ્ત કોળી સમાજ કોળી સેના ઊના અને દિપસ્વી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીજો સમૂહલગ્ન ઉત્સવ તા.૧૮/૨/૨૪ ને રવિવારે ઊનામાં શાહ એચ.ડી. હાઈસ્કુલના મેદાન ખાતે જૂનાગઢ ગીર સોમનાથ જિલ્લા કોળી સેનાના પ્રમુખ દીપાબેન બાંભણિયાની આગેવાની હેઠળ યોજાશે. આ સમુહ લગ્નોત્સવમાં સમાજના અઢાર નવદંપતિ વિધિપૂર્વક લગ્નગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલાં પાડશે.

નવદંપતિઓને સમૂહલગ્ન સમિતિ અને દાતાઓ દ્વારા સોના ચાંદીના દાગીના અને ઘર ઉપયોગી ૫૧થી વધુ વસ્તુઓની ભેટ આપી વિદાય કરવામાં આવશે. આ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે ઊના ગીરગઢડા તાલુકાના કોળી સેનાના તમામ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉના તાલુકાનું ગૌરવ



ઉના તા. ૧૬

ઊના તાલુકાના દેલવાડા ગામે રહેતા અને પત્રકાર અને તંત્રી માવજીભાઈ વાઢેરના પુત્ર જસ્મિતએ તાજેતરમાં JEE ૨૦૨૪ની પરીક્ષા આપી હતી. તેનું પરિણામ જાહેર થતાં તેમણે ૯૦, ૧૧ પીઆર મેળવી સફળતા પ્રાપ્ત કરી સમગ્ર વાઢેર પરિવાર અને ઊના તાલુકાનું ગૌરવ વધારેલ છે.

# જૂનાગઢમાં ૩૯ બોટલ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ જવાહરરોડ ઉપર જાહેર માર્ગ ઉપરથી ગઈકાલે પોલીસે ચોકકસ બાતમીનાં આધારે એક રીક્ષા ચાલકને દારૂનાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

એ ડીવીઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ ભુપતસિંહ ડોલરસિંહએ જાતે ફરીયાદી બની અને ઘેલા આવડાભાઈ (ઉ.વ. ૩૦) (રહે. ગાંધીગ્રામ) વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી કાળા કલરની પીયોગો રીક્ષામાં ભારતીય બનાવટનાં વિદેશી દારૂની નાની મોટી બોટલ-૩૯ રૂા. ૧૭૦૪૦ તથા રીક્ષા મળી કુલ રૂા. ૬૭૦૪૦નાં મુદામાલ સાથે તેને ઝડપી લઈ તેના વિરૂધ્ધ પ્રોહીબીશન અંતર્ગત ગુનો દાખલ કરેલ છે.

## ગિરનાર ઉપર ભારે પવનને કારણે રોપ-વે સેવા બંધ

જૂનાગઢ તા. ૧૬

ગઈકાલે મોડી રાત્રીથી જ સુસવાટા મારતો પવન જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ફુંકાયો છે. આજે સવારનાં પણ પવનનું આક્રમણ રહયું હતું. અને ગિરનાર ઉપર પણ ભારે પવનને કારણે આજે રોપ-વે સેવા બંધ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# મેંદરડાનાં ઝીંઝુડા ગામે શોર્ટ લાગતા મૃત્યું

જૂનાગઢ તા. ૧૬

મેંદરડા તાલુકાનાં ઝીંઝુડા ગામે મધાભાઈ તરીકે ઓળખાતા અજાણ્યા પુરૂષ (ઉ.વ. ૩૦) વાડીએ આવેલ મકાનની સીડી પાસે તેને ઈલેકટ્રીક શોર્ટ લાગતાં તેનું મૃત્યું થયું છે. મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયા નજીકના વાડી વિસ્તારમાં ઉભા પાકમાં આગ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે ગત સાંજે એક વાડીમાં શેરડીના ઉભા પાકમાં એકાએક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી જવા પામી હતી.

આ અંગે ફાયર સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના ભાડથર ગામના વાડી વિસ્તારમાં રહેતા ભરતભાઈ ભીખાભાઈ ભારવાડીયાના ખેતરમાં રહેલા શેરડીના પાકમાં ગુરુવારે સાંજે એકાએક આગ લાગી હતી. આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સુચના મુજબ ફાયર સ્ટાફના મનસુખભાઈ મારુ, નિમેશ ડેરારા તેમજ બ્રિજરાજસિંહ સરવૈયા સહિતનો સ્ટાફે ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી જઈ અને પાણીનો મારો ચલાવી, લાંબી જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું જાહેર થયું છે. સદભાગ્યે કોઈ મોટી જાનહાની થઈ ન હતી.

# ચાલબાજ ચીન સામે LAC પર ભારતની વધી તાકાત

લદ્દાખ, તા.૧૬

ચીને જૂન ૨૦૨૦માં લદ્દાખમાં થયેલી હિંસક ઝડપ અને ડિસેમ્બર ૨૦૨૨માં અરૂણાચલ પ્રદેશના ત્યાંસેમાં થયેલી ઝડપ અને વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્થિતિ બદલવાના પ્રયત્ન કર્યા હતા. ચીનની આ તાકાત જોઈને ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા પર પોતાની ફાયર પાવરને વધુ મજબૂત કરવાનું શરૂ કરી દીધુ છે.

ભારત અને ચીનની સરહદ પર બનેલી લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ એટલે કે **LAC** પર ભારતીય સેનાએ **LAC** પર 'સિગ સૌર' રાઈફલને તૈનાત કરી દીધી છે.

# જૂનાગઢ તાલુકાનાં વિજાપુર ગામે ખુંટીયાએ પછાડી દેતા વૃધ્ધાનું સારવાર દરમ્યાન મૃત્યું

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ તાલુકાનાં વિજાપુર ગામે લાભુબેન ભાણજીભાઈ કળથીયા (ઉ.વ. ૬૦) પોતાના ઘરની પાસે બહાર બેઠા હોય ત્યારે બે ખુંટીયા બાધતા તેને પછાડી દેતાં અને જોરજોરથી તેમને શ્વાસ ચડવા લાગતાં તેમને સારવાર માટે લઈ જવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયાનું ફરજ ઉપરનાં ડોકટરે જાહેર કરતાં તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કેશોદ તાલુકાનાં પીપળી ગામે પાણીની ટાંકીમાં પડી જતાં ડુબી જવાથી બાળકીનું મૃત્યું

જૂનાગઢ તા. ૧૬

કેશોદ તાલુકાનાં પીપળી ગામે રમતા રમતા પાણીની ટાંકીમાં પડી જતાં આનુબેન રાકેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨) નામની બાળકીનું ડુબી જવાના કારણે મૃત્યું થયું છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાણવડ નજીક સગાઈ પ્રસંગે આવી રહેલી જાનના ટ્રકને અકસ્માતઃ એકનું મોત, બે ગંભીર



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬

ભાણવડ નજીક રહેતા એક ભરવાડ પરિવારને ત્યાં સગાઈ પ્રસંગે આવી રહેલા લાલપુર પંથકના એક આઈસર ટ્રકનો અકસ્માત સર્જાતા પલટી ખાઈ ગયેલા આ ટ્રકમાં સવાર એક આધેડનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અન્ય એક ડઝન જેટલા જાનૈયાઓને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ લાલપુર તાલુકાના મેમાણા ગામે રહેતા એક ભરવાડ પરિવારના યુવાનની સગાઈ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ભેનકવડ ગામે રહેતી એક યુવતી સાથે થઈ હતી. આ સગાઈમાં વર પક્ષના આશરે બે ડઝન જેટલા જાનૈયાઓ ગઈકાલે ગુરુવારે સવારે આશરે સાતેક વાગ્યાના સમયે મેમાણા ગામેથી જી.જે. ૧૪ ઝેડ ૪૫૪૬ નંબરના ટાટા-૯૦૯ ટ્રકમાં બેસીને સગાઈ પ્રસંગે તેમજ લગ્ન લેવા માટે નીકળ્યા હતા. આ ટ્રકને જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના હરીપર ગામે રહેતો મનીષ બાબુભાઈ ભુંડિયા નામનો ચાલક ચલાવી રહ્યો હતો. ગુરુવારે સવારે આશરે સવા નવેક વાગ્યાના સમયે જાનૈયાઓ સાથેનું આ આઈસર ભાણવડ તાલુકાના ધારાગઢ ગામે આવેલા રેલ્વે ફાટકની અંદર પ્રવેશી રહ્યું હતું, ત્યારે ઉપરોક્ત ટ્રકના ચાલક મનીષભાઈ ભૂંડીયાએ તેનો ટ્રક પુરઝડપે ચલાવતા ટ્રકના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે આ ટ્રક રેલવે ફાટકની લોખંડની રેલિંગ તોડીને જમણી સાઈડમાં આવેલા એક ખાડામાં પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માત સર્જાતા સમગ્ર વિસ્તાર માનવ ચીસોથી ગુંજી ઉઠ્યો હતો. જેના કારણે આસપાસના વિસ્તારના રહીશો દોડી આવ્યા હતા અને ઘવાયેલાઓને તાકીદે ટ્રકમાંથી બહાર કાઢી, ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્થાનિક હોસ્પિટલમાં તેમજ કેટલાક ગંભીર રીતે ઘવાયેલા મુસાફરોને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવના અનુસંધાને ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તેમજ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી. આ અકસ્માતમાં ટ્રકમાં જઈ રહેલા માલાભાઈ હમીરભાઈ ઝુંઝા (ઉ.વ. ૫૦, રહે. મેમાણા) ને માથાના ભાગે તેમજ શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે ટ્રકના ચાલક મનીષભાઈને પણ ગંભીર ઈજાઓ સાથે વધુ સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલાઓ પૈકી એકાદ-બે જાનૈયાઓની તબિયત નાજુક ગણાવાઈ રહી છે. આ અકસ્માતમાં કાનીબેન સાજણભાઈ ઝુંજા, રાજીબેન ઉર્ફે રાજુબેન કરણાભાઈ, પેથાભાઈ બાબુભાઈ, નીતુબેન ખોડા ભાઈ, દેવીબેન નારણભાઈ, ધનીબેન સામતભાઈ, હિમીબેન ફોગા ભાઈ, પૂંજાબેન જીણાભાઈ, સાજણભાઈ ભલાભાઈ, રાજાભાઈ મૌયા ભાઈ, અજયભાઈ કરણાભાઈ તેમજ રામાભાઈ અરજણભાઈ નામના ૧૩ જેટલા મુસાફરોને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રકરણ અંગે લાલપુર તાલુકાના મેમાણા ગામના રહીશ ભરવાડ મેઘાભાઈ રવાભાઈ ઝુંઝા (ઉ.વ. ૪૪) ની ફરિયાદ પરથી ભાણવડ પોલીસે ટ્રકના ચાલક મનીષભાઈ બાબુભાઈ ભુંડિયા સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એમ.આર. સવસેટાએ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વિવિધ પાર્કિંગ સ્ટેન્ડનો કોન્ટ્રાક્ટ**

ભાવનગર ડિવિઝનના વિવિધ પાર્કિંગ સ્ટેન્ડ (ટૂ વ્હીલર અને ફોર વ્હીલર) ના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર આમંત્રિત છે. તમામ વિગતો રેલવેની વેબસાઈટ (IREPS/E-Auction) પર મુકવામાં આવેલ છે.

| અ.નં. | સ્ટેશન | વિગતો | સમયગાળો |
|---|---|---|---|
| 1. | ગાંધીગ્રામ (GG) | ફોર વ્હીલર | 01 વર્ષ |
| 2. | ગાંધીગ્રામ (GG) | ટૂ વ્હીલર | 01 વર્ષ |
| 3. | લીંબડી (LM) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 4. | સાવરકુંડલા (SVKD) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 5. | પાલિતાણા (PIT) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 6. | સરખેજ (SEJ) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 7. | વસ્ત્રાપુર (VTP) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 8. | જોરાવરનગર (JVN) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 9. | મહુવા (MHV) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 10. | ઢોલા (DLJ) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 11. | નવાગઢ (NUD) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 12. | બાવળા (VLA) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 13. | વઢવાણ સિટી (WC) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 14. | માલિયા હાટીના (MLHA) | ટૂ વ્હીલર | 03 વર્ષ |
| 15. | સિહોર (SOJN) | ટૂ વ્હીલર | 03 વર્ષ |

બિડર્સ/ટેન્ડરરે IREPS/E-Auction ની વિઝીટ કરવી જરૂરી છે. અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ, ભાવનગરની મુલાકાત લેવી અથવા ભાવનગર ડિવિઝનમાં નં, 7227989486 પર (કોમર્શિયલ ઈન્સપેક્ટર (NFR) નો ટેલિફોનિક સંપર્ક કરવો. **હરાજી શરૂ થવાની તારીખ અને સમય:** તા. 23-02-2024 ના 11.00 કલાકે ઓનલાઈન વંબસાઈટ www.ireps.gov.in/ દ્વારા જ. **હરાજી બંધ થવાની તારીખ અને સમય:** તા. 23-02-2024 ના 13.50 કલાકે ઓનલાઈન વંબસાઈટ www.ireps.gov.in/ દ્વારા જ.

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly 173

# જૂનાગઢ મહાનગરપાલીકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું રૂા. ૯૩૭.૦૭ કરોડનું બજેટ મંજુર

## લોકોને ખોટા સપના બતાવનારૂ બજેટ ગણાવતો વિપક્ષ : નિયમીત પાણી વિતરણ થાય પછી જ વેરો વસુલવા વિપક્ષની માંગણી




જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ મહાનગર પાલીકાના જનરલ બોર્ડની એક બેઠક ગઈકાલે મળી હતી અને ધાર્યા મુજબ આ બેઠકમાં વોકળાનો મુદો ગાજયો હતો આ બજેટ બેઠકમાં રૂા.૯૩૭.૦૭ કરોડના બજેટને સર્વાનુમતે મંજુર કરી દીધું હતું આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ અંગે ગઈકાલે જનરલ બોર્ડ મળ્યું હતું. આ બજેટ બોર્ડમાં મેયરે રજૂ કરેલા ૯૩૭.૦૭ કરોડના બજેટને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટમાં આવકનો અંદાજ ૯૩૭.૦૭ કરોડ અને ખર્ચનો અંદાજ ૯૩૭.૦૪ કરોડ અને વર્ષની પુરાંત સિલિક રૂા.૩ લાખ દર્શાવતુ બજેટ રજુ થયું હતું. આ બજેટને રજુ કરતી વખતે ભાજપના મનપાના શાસકોએ વિકાસશીલ બજેટનો દાવો કર્યો હતો જયારે તેની સામે વિપક્ષે જણાવ્યું હતું કે,લોકોને ખોટા સપના બતાવાઈ રહ્યા છે. હેપીનેસ ઈન્ડેક્ષ વધારાનો દાવો કરાય છે, પરંતુ લોકોની સમસ્યા ઉકેલાતી ન હોય લોકો શાસકોથી થાકી ગયા છે. જનતાના ટેક્સના કરોડો અબજો રૂપિયાનો ખર્ચ છતાં કયાંય પણ ઉડીને આંખે વળગે તેવો વિકાસ જોવા મળતો નથી.જ્યાં સુધી સવાર સાંજ સફાઈ ન થાય ત્યાં સુધી સફાઈ કર લેવો ન જોઈએ. ૨૦૧૯-૨૦માં દરરોજ પાણી વિતરણની વાતો કરી પાણીવેરો ૭૦૦ માંથી ૧,૨૦૦ કર્યો પરંતુ હજુ અનેક વિસ્તારોમાં ૪ દિવસે પાણી વિતરણ થાય છે. હજુ ૪૫૦ કિમી પાણીની લાઈન નાંખવાની બાકી છે. ત્યારે જ્યારે શુદ્ધ અને નિયમિત પાણી વિતરણ થાય પછી જ વેરો વસુલવો જોઈએ. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫ સુધીની અનેક યોજનાઓ છે જે હજુ કાગળ પર જ છે, પૂર્ણ કરાઈ નથી. ૨૦૧૫-૧૬થી સતત બજેટમાં જોગવાઈ કરાય છે તે કામગીરી થતી જ નથી. વિલીંગ્ડન ડેમનો વિકાસ, નવું ફાયર સ્ટેશન, ઝોન વાઈઝ ઝોનલ ઓફિસો, સિટી બસ સેવા વગેરે કંઈ થયું નથી. વર્ષોથી રમત ગમત માટે સ્પોર્ટસ મેદાન બનાવવાની જોગવાઈ કરવામાં આવે છે, પરંતુ વિવેકાનંદ ગ્રાઉન્ડમાં કોંગ્રેસના શાસનમાં બનેલ ક્રિકેટ સ્ટેડિયમ પણ મેઈન્ટેનન્સના અભાવે ભંગાર થઈ ગયું છે. આ ઉપરાંત સ્માર્ટ આંગણવાડીની વાતો વચ્ચે વાસ્તવિકતા એ છે કે, અનેક આંગણવાડીમાં સફાઇ, પાણી અને રમત ગમતના સાધનોની સુવિધા નથી.ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે, પરંતુ વરસાદી પાણીના નિકાલની કોઈ જોગવાઈ નથી.દબાણના કારણે કુદરતી નદીઓ, વોકળા સતત બંધ થઈ રહ્યા છે, ગૌવંશના નિભાવ માટેની પુરતી જગ્યા ન હોય ઘેટા બકરાની જેમ રખાય છે, બાગ બગીચા નથી, સર્કલો ખાનગી સંસ્થાને સોંપાય છે જેનું મેઈન્ટેનન્સ થતું નથી. હાલમાં ગાંધીચોકનું ફાઈટર પ્લેન ધૂળ ખાઈ રહ્યું છે. આમ, શહેરના ૧૫ વોર્ડમાં સફાઈ, પાણી, લાઈટ,રોડ, બગીચા, રમત ગમતના મેદાનો, સિટીબસ સેવા મળે પછી જ વેરા વસુલ કરવા જોઈએ તેમ લલીત પણસારાએ જણાવ્યું હતું.

જયારે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન હરેશ પરસાણાએ જણાવ્યું હતું કે, તમામ કામના ડીપીઆર તૈયાર થઈ ગયા છે, ટેન્ડર પ્રક્રિયામાં છે, ૨ જગ્યાએ ગૌશાળા બનાવાશે. રેલવેનું ઈલેકટ્રીકરણ થતા ડિઝાઈનમાં ફેરફાર થતા જોષીપરા રેલવે ઓવરબ્રિજની નવી મંજૂરી રેલવે પાસેથી મંગાઈ રહી છે તેના કારણે મોડું થયું છે. પ્રથમ ફેસમાં જ્યાં પણ ગટર માટે ખોદકામ થયું હતું ત્યાંના બધાજ રોડનું કામ પૂર્ણ થયું છે. એકમાત્ર શાંતેશ્વરનુ કામ બાકી છે તે પણ થઈ જશે તેમ જણાવ્યું હતું આ બોર્ડમાં શાસકપક્ષ ભાજપના પદાધિકારીઓ તેમજ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. જયારે વિપક્ષમાં લલિતભાઈ પરસાણા અનો મંજુલાબેન પરસાણા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રજાકીય પ્રશ્ને તેમજ વિકાસના દાવાઓ સામે રજુઆતો પણ કરી હતી ઉપરાંત આ જનરલ બોર્ડમાં દબાણકૃત વોકળાનો મુદો પણ ઉઠાવ્યો હતો.

વોકળા કાંઠેના દબાણો દુર કરવાની કામગીરી શા માટે બંધ કરી દેવામાં આવી છે તે સવાલના જવાબમાં મનપાના સિનિયર ટાઉન પ્લાનીંગ ઓફિસર બીપીન ગામીતે જણાવ્યું હતું કે હાલમાં જે માપણી સીટ તૈયાર કરવામાં આવી છે તે જુના રેકોર્ડ મુજબ છે હવે નવા રેકોર્ડ મુજબ ફરી નવી કામગીરી કરવામાં આવી રહી છે તેવું બહાનું ધર્યુ હતું. દરમ્યાન વિપક્ષે મનપાના શાસકોને શીખ આપી હતી કે તમે ગ્રીન જૂનાગઢ, પ્રદુષણ મુકત જૂનાગઢના દાવાઓ કરો છો તેમાં મનપાના જે વાહનો છે તે સીએનજી અથવા બેટરી સંચાલિત વાહનો લેવામાં આવે તો ડિઝલના મસમોટા ખર્ચાઓમાં મોટો ઘટાડો આવે તેમ છે. સમગ્ર ગુજરાતમાં આ પહેલ જૂનાગઢથી કરી ખરા અર્થમાં ગ્રીન જૂનાગઢ પ્રદુષણ મુકત જૂનાગઢના દાવાઓ સાર્થક થશે તેમ ટકોર કરી હતી. શાસકોએ વિકાસ કર્યો હોવાની વાત રજુ કરી હતી જયારે તેની સામે વિપક્ષે આક્રોશ સાથે જણાવ્યું હતું કે લોકોને ખોટા સપના બતાવવામાં આવી રહ્યા છે શહેરમાં ૪૫૦ કિ.મી પાણીની લાઈન નાખવાની કામગીરી પુર્ણ કરો પછી જ ટેક્ષ ઉઘરાવવા વિપક્ષે જણાવ્યું હતું. ગઈકાલની જનરલ બોર્ડની બેઠકમાં વિપક્ષના વિરોધ વચ્ચે બહુમતીના જોરે શાસક પક્ષે સર્વાનુમતે બજેટ મંજુર કરી દીધું છે.





